RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 148* Date: 27.03.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કમલનાથનો રોલ પૂરો કરાશે, ૩ રાજ્યોને મળશે નવા અધ્યક્ષ, અમુક સચિવ અને મહાસચિવને પણ બહારનો રસ્તો દેખાડાશે

# પાંચ રાજ્યોમાં મળેલી હાર પછી કોંગ્રેસ સંગઠનમાં મોટા પાયે ફેરફાર કરવાની તૈયારી

નવીદિલ્હી,તા.૨૬

પાંચ રાજ્યોમાં મળેલી હાર પછી કોંગ્રેસ સંગઠનમાં મોટા પાયે ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે. આગામી ૧૫ દિવસમાં કોંગ્રેસમાં ખૂબ મોટા ફેરફાર થઈ શકે છે. આ ફેરફારો અંતર્ગત ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં નવા પીસીસી ચીફ બનાવવામાં આવશે. આ સિવાય અમુક રાજ્યોમાં મહાસચિવ અને સચિવોને પણ બહારનો રસ્તો દેખવાડવામાં આવે તેવી શક્યતા છે. તો આવો જાણીએ કે હવે જે રાજ્યોમાં ચૂંટણી આવે છે ત્યાં કોંગ્રેસ કેવી તૈયારીઓ કરી રહી છે...

આગામી વિધાનસભા ચૂંટણીના લિસ્ટમાં સામેલ હિમાચલ પ્રદેશ, કર્ણાટક, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ સહિત તમામ અન્ય રાજ્યોમાં સંગઠનને મજબૂત કરવા કોંગ્રેસ હાઈકમાન્ડ સ્તર પર નવી રાજનીતિ પર કામ કરી રહ્યા છે. તેમાં ખાસ કરીને દરેક રાજ્યમાં સગંઠનની અંદર નેતાઓના જૂથવાદને ખતમ કરવા મુખ્ય ફોકસ કરવામાં આવશે. પંજાબ અને ઉત્તરાખંડમાં જે રીતે કોંગ્રેસની હાર થઈ છે, તેનું સૌથી મોટું કારણ આંતરિક વિવાદને માનવામાં આવે છે. ચૂંટણી રાજ્યોમાં આ વાતનું પુનરાવર્તન ના થાય તે માટે પાર્ટીના નેતાઓને એકજુથ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. કદાચ જ કોઈક એવુ રાજ્ય હશે જ્યાં કોંગ્રેસ નેતાઓની વચ્ચે આંતરિક વિવાદના હોય. તેના કારણે જ કોંગ્રેસને સૌથી વધારે નુકસાન થઈ રહ્યું છે.

આ જ મુદ્દે થોડા દિવસ પહેલાં દિલ્હીમાં પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ હિમાચલ પ્રદેશના નેતાઓ સાથે મીટિંગ કરીને જૂથવાદ ખતમ કરવાની સલાહ આપી હતી. જ્યારે શુક્રવારે રાહુલ ગાંધીએ



હરિયાણાના નેતાઓ સાથે આ મુદ્દે જ મુલાકાત કરી હતી. રાહુલ ગાંધીએ દરેક લોકોને અપીલ કરી છે કે, આંતરિક વિવાદ ખતમ કરીને પાર્ટી માટે એકજૂથ થઈને કામ કરે. હાલ દરેક નેતાઓએ તેમના વ્યક્તિગત એજન્ડા એકબાજુ રાખવાની સલાહ આપી હતી જેથી પાર્ટીને ફરી ઉભી કરી શકાય.

ગુજરાતમાં આ વર્ષે નવેમ્બરમાં ચૂંટણી થવાની છે. અહીં કોંગ્રેસને મજબૂત સ્થિતિ બનાવવી ખૂબ મોટો પડકાર છે. ગુજરાત વિશે કોંગ્રેસની ગંભીરતા એ વાતે સમજી શકાય છે કે, અહીં સંગઠનને મજબૂત કરવા માટે ૨૫ નવા અધ્યક્ષ, ૭૫ મહાસચિવ અને ૧૭ શહેર અને જિલ્લા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

થોડા મહિના પહેલાં પાર્ટીએ રાજસ્થાનના રઘુ શર્માને ગુજરાતના પ્રભારી બનાવ્યા છે. હવે જોવાનું એ છે કે, રઘુ શર્મા વડાપ્રધાન મોદી અને અમિત શાહને ગૃહ રાજ્યમાં કેવી રીતે પાર્ટીને મજબૂત કરવામાં સફળ રહે છે, ચૂંટણીમાં કોંગ્રેસને કેટલી મજબૂત સાબીત કરી શકે છે.

૨૦ મહિના બાદ એટલે કે ડિસેમ્બર ૨૦૨૩માં મધ્યપ્રદેશમાં વિધાનસભા ચૂંટણી થશે. મધ્યપ્રદેશમાં કોંગ્રેસની કમાન અત્યારે કમલનાથ પાસે છે. પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સિવાય નેતા પ્રતિપક્ષની પણ જવાબદારી સંભાળી રહ્યા છે. એવી પણ ચર્ચા છે કે આવનારા દિવસોમાં કમલનાથ પાસે માત્ર એક જ જવાબદારી રહેશે. સંગઠનની જવાબદારી કોઈ નવી વ્યક્તિને આપવામાં આવશે, જેથી આવનારા વર્ષમાં થનારી વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીમાં નવો જોશ ભરવામાં આવે અને કોંગ્રેસ ભાજપને ટક્કર આપી શકે. ૨૦૧૮માં કમલનાથ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ રહેતા કોંગ્રેસની ૧૫ વર્ષ બાદ સત્તામાં વાપસી થઈ હતી, પરંતુ જ્યોતિરાદિત્ય સિંધિયા સાથે સંઘર્ષ કરવો કમલનાથને ભારે પડ્યો. સિંધિયા સાથે સંઘર્ષના કારણે માર્ચ ૨૦૨૦માં કમલનાથને પોતાની સરકાર છોડવી પડી હતી.

કોંગ્રેસ માટે રાજસ્થાન ખૂબ જ મહત્વપૂર્ણ રાજ્ય છે, પરંતુ આ રાજ્યમાં ગેહલોત અને પાયલટ જૂથ વચ્ચે વિવાદ છેલ્લા ત્રણ વર્ષોથી સતત ચાલૂ છે. આ વિવાદને પૂર્ણ કરવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડ તરફથી વારંવાર પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે, પરંતુ વિવાદ અટકવાનો નામ નથી લઈ રહ્યો. પાયલટે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ રહેતા પાર્ટીએ સત્તામાં વાપસી કરી, પરંતુ લાંબા સમયથી તેઓ સરકાર અને સંગઠનમાં નથી, પરંતુ મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ત્યારના કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષને ઝસ્ બનાવવામાં આવ્યા હતા, પરંતુ પાયલટને તે માપદંડથી બહાર કરવામાં આવ્યા.

છેલ્લા બે દાયકાથી વધુ સમયથી અહીં પાંચ વર્ષે સરકાર બદલવાની પરંપરા રહી છે. તેવામાકોંગ્રેસ અહીં ફરી સત્તામાં આવવા માટે કેવા પગલા લઈ રહી છે, તે જોવું રસપ્રદ રહેશે.છત્તીસગઢમાં પણ કોંગ્રેસની સરકાર છે. ૧૫ વર્ષથી ચાલી રહેલી ભાજપની રમન સરકારને હટાવીને કોંગ્રેસ સંપૂર્ણ બહૂમતીથી સત્તામાં આવી હતી, પરંતુ અહીં પણ કોંગ્રેસમાં જૂથવાદ છે. ઝસ્ ભૂપેશ બઘેલ અને સ્વાસ્થ્ય મંત્રી ટીએસ સિંહદેવ જૂથ વચ્ચેનો વિવાદ દિલ્હી દરબાર સુધી પહોંચ્યો છે. ૨૦૧૮માં બઘેલના કોંગ્રેસના પ્રદેશ રહેતા લાંબા સમય બાદ સત્તામાં વાપસી કરી, પરંતુ ઝસ્ પદ માટે ટીએસ સિંહદેવ જૂથ પણ પોતાનો દાવો રજૂ કરી રહ્યું છે.

આ વિવાદને સમેટવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડ સંપૂર્ણ પ્રયત્નો કરી રહ્યું છે. કોંગ્રેસ માટે ૨૦૨૩ વિધાનસભા ચૂંટણીમાં આ ગઢને બચાવવો એક મોટો પડકાર બની રહેશે.કોંગ્રેસ તરફથી કેટલાક રાજયોના મહાસચિવ અને સચિવોને પણ બદલવાના પ્રયત્નો ચાલૂ છે. આ માટે પાર્ટીમાં હોમવર્ક કરવામાં આવી રહ્યું છે. ગ્રાઉન્ડ લેવલ પર કોંગ્રેસને મજબૂત કરવા માટે કોંગ્રેસમાં રણનીતી બનાવવાનું ચાલૂ છે. સૂત્રો પ્રમાણે ૧૦થી ૧૫% સુધી નવા મહાસચિવ બનાવવામાં આવશે, જ્યારે ૨૦થી ૨૫% નવા સચિવ બનાવવામાં આવશે. જૂના અધિકારીઓને હટાવવામાં આવી શકે છે, તેમના કાર્યનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

## ભાજપને હરાવવા માટે ધર્મનિરપેક્ષ શક્તિઓનો મોરચો બનાવવો જરૂરી : સીતારામ યેચુરી

શ્રીનગર,તા.૨૬

સર્વોચ્ચ પ્રાથમિકતા દેશ અને બંધારણને બચાવવાની અને લોકોના અધિકારોની રક્ષા કરવાની છે. તેના માટે ભાજપને સત્તામાંથી હટાવવી જરૂરી છેઆપણે ભાજપને અલગ થલગ કરી હરાવવાની છે તેના માટે જયારે પણ ચુંટણી આવે છે ધર્મનિરપેક્ષ શક્તિનો વ્યાપક સંભવ મોરચો બનાવવાની જરૂરત છે. આ વાત માકપા મહામંત્રી સીતારામ યેચુરીએ અહીં પાર્ટી નેતા એમવાઇ તારિગામીના નિવાસ પર પત્રકાર પરિષદમાં કહી હતી.

તેમણે કહ્યું કે માકપા સંયુકત મોરચો બનાવવાનો પ્રયાસ કરશે જેથી ભાજપને સત્તામાંથી બહાર રાખી શકાય કારણ કે ભગવા પાર્ટી



તેનો દુરૂપયોગ દેશના બંધારણને નષ્ટ કરવા માટે કરી રહ્યું છે તેમણે તમામ લોકતાંત્રિક શક્તિઓને પોતાના મતભેદને અલગ રાખી અને દેશને બચાવવા માટે આગળ આવવાની વિનંતી કરી હતી.

યેચુરીએ દાવો કર્યો કે દેશે ભાજપના શાસમાં અર્થવ્યવસ્થાના સૌથી ખરાબ પતનને જોયો છે બેરોજગારી ઈતિહાસમાં સૌથી ખરાબ છે આપણા ૫૦ ટકાથી વધુ યુવાનોએ નોકરીની શોધ બંધ કરી દીધી છે કારણ કે તેમને આમ કરવાનો કોઇ અર્થ જોવા મળતો નથી લોકો પર આર્થિક હુમલા થઇ રહ્યાં છે ભુખ,બેરોજગારી મોંધવારી ચરમ પર છે તેનો અર્થ છે કે ભારતની સ્થિતિ ખુબ તેજીથી નીચે ઉતરી રહી છે.

## માત્ર ધ કાશ્મીર ફાઇલ્સ જ નહીં, ગુજરાત ફાઇલ્સ વિશે પણ વાત થવી જોઇએ: સુશીલ કુમાર શિંદે

સોલાપુર,તા.૨૬

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સુશીલ કુમાર શિંદેએ કહ્યું કે ગુજરાત રમખાણો પર એક પત્રકાર દ્વારા લખાયેલ પુસ્તકને 'ધ કાશ્મીર ફાઈલ્સ' જેટલી પ્રસિદ્ધિ આપવી જોઈએ.

સુશીલ કુમાર શિંદેએ આ મુદ્દે વડાપ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના અન્ય નેતાઓ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે તેમણે વિવેક અગ્નિહોત્રી દ્વારા લખેલી અને દિગ્દર્શિત ફિલ્મ જોઈ નથી. “મેં ફિલ્મ (ધ કાશ્મીર ફાઈલ્સ) જોઈ નથી પરંતુ ઘણા લોકો તેના વિશે વાત કરી રહ્યા છે. પરંતુ કાશ્મીર ફાઈલ્સ પહેલાં, પત્રકાર રાણા અયુબનું પુસ્તક ગુજરાત ફાઈલ્સ (એનાટોમી ઓફ કવર-અપ) પણ છે.

### નિવર્તમાન વિરોધ પક્ષના નેતા પ્રીતમ સિંહનું નામ સૌથી આગળ

## ઉત્તરાખંડ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાની પસંદગી કોંગ્રેસ દ્વારા ટુંક સમયમાં કરાશે

દહેરાદુન,તા.૨૬

ભાજપના મુખ્યમંત્રી બન્યા બાદ હવે કોંગ્રેસના વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા કોણ હશે તેને લઇ અટકળો શરૂ થઇ ગઇ છે આ સાથે જ પસંદગીની પ્રક્રિયા પર તાકિદે કરવામાં આવશે.રાષ્ટ્રીય મહામંત્રી અવિનાશ પાંડેએ પોતાનો રિપોર્ટ હાઇકમાન્ડને સોંપી દીધો છે.હાઇકમાન્ડે તેમને ઉત્તરાખંડ વિધાનસભા ચુંટણી પરિણામોની સમીક્ષા માટે નીરીક્ષકના રૂપમાં મોકલ્યા હતાં.

પાંડેએ વરિષ્ઠ નેતૃત્વને રિપોર્ટ સોંપ્યો હોવાની પુષ્ટી કરતા કહ્યું કે વિરોધ પક્ષના નેતા કોણ હશે તેના પર હાઇકમાન્ડ જ નિર્ણય લેશે આ સાથે જ ઉત્તરાખંડ પ્રદેસ અધ્યક્ષનો નિર્ણય પણ હાઇકમાન્ડે જ લેવાનો છે આશા છે કે તાકિદે



તસવીર સ્પષ્ટ થઇ શકે છે. વિરોધ પક્ષના નેતાની પસંદગીને લઇ કોંગ્રેસની સામે બંધારણીય અવરોધ છે ૨૮ માર્ચથી વર્તમાન વિધાનસભાનું પહેલુ સત્ર મળનાર છે.

ગૃહમાં વિરોધ પક્ષ તરફથી સરકારની સામે ઉભા થવા માટે વિરોધ પક્ષના નેતા હોવા જરૂરી છે આ સમયે નિવર્તમાન વિરોધ પક્ષના નેતા પ્રીતમ સિંહનું નામ સૌથી આગળ છે. પરંતુ આ વખતે ચારચુલાના ધારાસભ્ય હરીશ ધામી જાહેરમાં પોતાની દાવેદારી રજુ કરી ચુકયા છે આ સાથે જ પૂર્વ મંત્રી યશપાલ આર્ય બદરીનાથના ધારાસભ્ય રાજેન્દ્ર ભંડારી મદન બિષ્ટનું નામ પણ ચર્ચામાં છે.

સુત્રોના જણાવ્યા અનુસાર વરિષ્ઠ નેતૃત્વ એવા સર્વમાન્ય ચહેરાની શોધમાં છે જેના ઝંડાની નીચે તમામ ૧૯ ધારાસભ્યો સહજતાથી રહી શકે બીજી તરફ ગત કેટલાક દિવસોથી ઉત્તરાખંડ કોંગ્રેસ પ્રમુખ વિના છે.પ્રદેશ અધ્યક્ષ માટે ખટીમાના ધારાસભ્ય ભુવન કાપડી યશપાલ શર્મા મનોજ તિવારીના નામ ચર્ચામાં છે.કુમાઉના બ્રાહ્મણ નેતાઓમાં હાલ ભુવનનું નામ આગળ છે.જો કે કોંગ્રેસનો એક મોટો વર્ગ નિવર્તમાન પ્રદેશ અધ્યક્ષ ગણેશ ગોદિયાલને જ બીજીવાર અધ્યક્ષ બનાવવાના પક્ષમાં છે. તેની પાછળ ગોદિયાલના ટુંકા કાર્યકાળ દરમિયાન આ ચુંટણીમાં વર્ષ ૨૦૧૭ની સરખામણીમાં સારૂ પ્રદર્શનનું કારણ બતાવવામાં આવી રહ્યું છે.

## કેન્દ્રીય ટ્રેડ સંઘોનું આગામી ૨૮ અને ૨૯ માર્ચે રાષ્ટ્રવ્યાપી બંધનુ આહ્વાન

નવી દિલ્હી,તા.૨૬

કેન્દ્રીય ટ્રેડ સંઘોના એક સંયુક્ત ફોરમે આગામી ૨૮ અને ૨૯ માર્ચે રાષ્ટ્રવ્યાપી બંધનુ આહ્વાન કર્યુ છે. આ ભારત બંધ કર્મચારીઓ, ખેડૂતો તેમજ સામાન્ય લોકોને પ્રભાવિત કરતી સરકારની નીતિઓ વિરુદ્ધ બોલાવવામાં આવ્યુ છે. ભારત બંધની તૈયારીઓની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય ટ્રેડ સંભોના સંયુક્ત ફોરમની એક બેઠક મંગળવારે થઈ હતી. આ બેઠકમાં રાજયો તેમજ અલગ-અલગ ક્ષેત્રોમાં બે દિવસ સુધી ચાલનારા વિરોધ-પ્રદર્શનનુ સમીક્ષા કરવામાં આવી હતી.

ટ્રેડ સંઘોના ભારત બંધને નિષ્ફળ બનાવવા માટે રાજય સરકારો એસ્મા લગાવી શકે છે. આ જોખમ છતાં રોડવેઝ, ટ્રાન્સપોર્ટ તેમજ વિજળી વિભાગના કર્મચારીઓએ ભારત બંધને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. એક નિવેદન મુજબ બેંકિંગ, વીમા તેમજ નાણાકીય ક્ષેત્ર પણ આ હડતાળનો હિસ્સો બનશે.

ટ્રેડ સંઘોએ આ પ્રસ્તાવિત હડતાળની નોટિસ કોલસા, સ્ટીલ, ઓઈલ, દૂરસંચાર, પોસ્ટલ, આવકવેરા, કૉપર, બેંક અને વીમા ક્ષેત્રને મોકલી છે. આ નોટિસમાં કહેવામાં આવ્યુ છે કે રેલવે તેમજ રક્ષા ક્ષેત્રના સેક્ટર્સ પણ બે દિવસ માટે ભારત બંધમાં શામેલ થવાનુ વિચારી રહ્યા છે. ટ્રેડ સંગઠનોની બેઠકમાં ચર્ચા થઈ કે હાલમાં રાજયોમાં ચૂંટણી જીતવાથી ઉત્સાહિત કેન્દ્રની બાજપ સરકાર પોતાની નીતિઓથી કામદાર વર્ગને હેરાન કરી રહી છે. બેઠકમાં ઈપીએફ પર મળતા વ્યાજમાં ઘટાડો, પેટ્રોલ, એલપીજી, કેરોસિન, સીએનજીના ભાવમાં વધારા પર ચર્ચા થઈ. ટ્રેડ સંઘોના નેતાઓએ કહ્યુ કે સરકારની નીતિઓના કારણે મોંઘવારી સતત વધી રહી છે અને શેર બજાર ગગડી રહ્યુ છે. નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે સંયુક્ત કિસાન મોરચો ૨૮ અને ૨૯ માર્ચે ગ્રામીણ બંધને પોતાનુ સમર્થન આપશે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧, ૬૬૦ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૨૬

દેશમાં આજે જીવલેણ કોરોનાવાયરસ રોગચાળાના નવા કેસોમાં થોડો ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧,૬૬૦ નવા કેસ નોંધાયા છે અને ૪,૧૦૦ લોકોના મોત થયા છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૪ કરોડ ૩૦ લાખ ૧૬ હજાર ૩૭૨ કેસ નોંધાયા છે. જાણો દેશમાં કોરોનાની તાજેતરની સ્થિતિ શું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ગઈકાલે દેશમાં ૨ હજાર ૩૪૯ લોકો સાજા થયા હતા, ત્યારબાદ સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧૬ હજાર ૭૪૧ થઈ ગઈ છે. આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૨૦ હજાર ૮૫૫ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૪ લાખ ૮૦ હજાર ૪૩૬ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે.રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૮૨ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે.

## ઇસરો ટૂંક સમયમાં ચંદ્રયાન-૩ લોન્ચ કરશે : પૂર્વ ચીફ ડો. સિવન

નવીદિલ્હી,તા.૨૬

ઈસરો ટૂંક સમયમાં ચંદ્રયાન-૩ના લોન્ચની પુષ્ટિ કરી શકે છે. આ માહિતી ઈસરોના ભૂતપૂર્વ વડા ડો. કે. સિવન દ્વારા આપવામાં આવી છે. તેમણે કહ્યું કે ઈસરો ટૂંક સમયમાં ચંદ્રયાન-૩ લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ મિશન માટે માત્ર ચંદ્રયાન-૨ના ઓર્બિટરનો ઉપયોગ કરવામાં આવશે. સાથે જ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ વખતે ઈસરો ચંદ્રયાન-૩ મિશનમાં સફળ રહેશે.

ડો. કે. સિવને કહ્યું, “ટૂંક સમયમાં ઈસરો ચંદ્રયાન-૩ના લોન્ચની પુષ્ટિ કરશે, મને ખાતરી છે કે આ વખતે અમે સફળ થઈશું. આ મિશન માટે ચંદ્રયાન-૨ના ઓર્બિટરનો ઉપયોગ કરવામાં આવશે અને તે આર્થિક હશે.

ઈસરોનાના ભૂતપૂર્વ વડાએ કહ્યું, “અમારા તમામ પ્રોજેક્ટ કોરોનાથી પ્રભાવિત થયા હતા પરંતુ તે જ સમયે ઈસરોએ તેની વ્યૂહરચના પર કામ કર્યું, જેથી અમે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સંચાલન કરી શકીએ. મહામારીએ રોકેટ લોન્ચ કરવાની નવી રીત આપી, જે દરેક મિશનમાં લાગુ કરવામાં આવશે.

તે જ સમયે, તમિલનાડુમાં ૧૨૦૦ એકર જમીન સંપાદન કરવા માટે ઈસરોની મંજૂરી પર, તેમણે કહ્યું, “હું ખૂબ જ ખુશ છું કે કેન્દ્ર સરકાર અને તમિલનાડુ સરકારે અમને કુલશેખરપટ્ટનમમાં જમીન સંપાદન માટે મંજૂરી આપી છે. ખૂબ જ ટૂંક સમયમાં અમે અહીં દેશનું બીજું લોન્ચ પેડ સેટ કરી શકીશું.”

ઉલ્લેખનીય છે કે,ચંદ્રયાન-૧ પછી ભારતનું બીજું ચંદ્ર સંશોધન મિશન 'ચંદ્રયાન-૨' ૨૨ જુલાઈ, ૨૦૧૯ ના રોજ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. લેન્ડર અને રોવર ચંદ્રની સપાટી પર ઉતરવાના હતા પરંતુ તેમ નિષ્ફળતા મળી હતી.

## તંત્રી સ્થાનેથી...

# યોગી આદિત્યનાથની બીજી ઈનિંગ



***આજથી યોગી આદિત્યનાથની બીજી ઇનિંગ શરૂ થઈ ગઈ છે. આદિત્યનાથની સાથે મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા છે. ભાજપે ચૂંટણી પહેલાં જારી કરેલ સંકલ્પ પત્રમાં જે જનકલ્યાણના વાયદા કર્યા હતા તેને પૂરા કરવાની તસવીર મંત્રીમંડળમાં દેખાઈ રહી છે. સાથે જ જાતિગત સમીકરણોને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યાનું જણાય છે. બીજી ઇનિંગમાં યોગી સામે ઉત્તર પ્રદેશને ઉત્તમ પ્રદેશ બનાવવાનો ભારે પડકાર છે. ભારતીય રાજનીતિ, સંઘ પરિવાર અને ભાજપની સામાન્ય જાણકારી ધરાવનાર પણ સ્વીકાર કરશે કે બીજો કાર્યકાળ શરૂ કરવા સુધી યોગી આદિત્યનાથ રાષ્ટ્રીય નેતા રૂપે સ્થાપિત થઈ ગયા છે. ખુદને રાજનીતિના મહાપંડિત માનનારાની મોટી સંખ્યા છે, જેઓ પાછલાં બે વર્ષથી અભિયાન ચલાવી રહ્યા હતા કે આદિત્યનાથને વડાપ્રધાન મોદી અને અમિત શાહ ગમે ત્યારે મુખ્યમંત્રી પદેથી હટાવી દેશે. ઉત્તર પ્રદેશ ચૂંટણી અભિયાન દરમ્યાન પણ એવી ટિપ્પણીઓ આવતી રહી કે પરિણામ આવ્યા બાદ તેઓ મુખ્યમંત્રી પણ નહીં રહે. એક તરફ નરેન્દ્ર મોદી સભાઓમાં યોગી બહુ ઉપયોગી એવો નારો આપી રહ્યા તા, કહેતા હતા કે તેમના કાર્યકાળમાં કેવી રીતે માફિયાઓ વિરુદ્ઘ કાર્યવાહી થઈ છે અને બીજી તરફ આ પ્રકારના સમાચારો ચલાવાતા હતા. આશ્ચર્ય એનું છે કે હજુ પણ એવા લોકો છે જેમના મનમાં એ વાત છે કે મોદી અને શાહ સાથે યોગીના સંબંધો ઠીકઠાક નથી. ગુજરાતના મુખ્યમંત્રી રૂપે નરેન્દ્ર મોદીના રાજકીય ઉત્થાનની યાદ દેવડાવતાં કહેવાય છે કે કેન્દ્રીય નેતૃત્વ તેમને હટાવવા માંગતું તું, પરંતુ કદ એટલું વધી ગયું હતું કે હટાવી ન શક્યા. આ લોકો સ્થાપિત કરવા માંગે છે કે આદિત્યનાથનું કદ મોટું હોવાને કારણે ભાજપમાં નેતૃત્વ વચ્ચે દ્વંદ્વ વધી જશે. એના પર કશું કહેવું સમયની બરબાદી જ હશે.***

***એમાં બેમત નહીં કે ઉત્તરપ્રદેશમાં અનેક ધારાસભ્યો વિરુદ્ઘ આમ જનતાની સાથે જ ભાજપમાં પણ વ્યાપ્ત અસંતોષ છતાં લોકોએ ભાજપના પક્ષમાં મતદાન કર્યું તો તેમાં નરેન્દ્ર મોદી સાથે યોગીના વ્યક્તિત્વની પણ ભૂમિકા છે. અલગ-અલગ સામાજિક સમીકરણોમાં કેશવ પ્રસાદ મૌર્યથી માંડીને બીજા લોકોને પણ અસર થઈ, પરંતુ રાજ્ય સ્તર પર તમે ગમે ત્યાં જાવ તો એ સ્વર સંભળાતો હતો કે અમે મોદી અને યોગીના નામ પર વોટ આપી રહ્યા છીએ. સાંભળવામાં ભલે આ સામાન્ય લાગતું હોય પરંતુ આ સ્થિતિ અસાધારણ છે. કાર્યકર્તામાં પોલીસ અને પ્રશાસનના વ્યવહારોને લઈને નારાજગી, ધારાસભ્ય વિરુદ્ઘ ગુસ્સો હોવા છતાં પણ બહુમતીની ચાહત એ થઈ ગઈ કે યોગી જ ફરીથી મુખ્યમંત્રી બને તો તેને સામાન્ય ન કહી શકાય.***

## કોટનનો વાયદો રૂ.૧,૬૮૦ના ઉછાળા સાથે સપ્તાહના અંતે રૂ.૪૦,૪૬૦ના સ્તરે

# સપ્તાહ દરમિયાન સોનાનો વાયદો રૂ.૪૩૧, ચાંદીનો રૂ.૮૭૪ અને ક્રૂડ તેલનો વાયદો રૂ.૯૫૪ વધ્યોઃ મેન્થા તેલમાં નરમાઈઃ રબરમાં સુધારો

## બુલડેક્સ વાયદામાં ૩૭૧ પોઈન્ટ, મેટલડેક્સ વાયદામાં ૧૫૮૩ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૧૦૧૧ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૮થી ૨૪ માર્ચના સપ્તાહ દરમિયાન ૨૦,૧૪,૯૭૪ સોદાઓમાં કુલ રૂ.૧,૭૦,૬૬૫.૬૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના માર્ચ વાયદામાં ૩૭૧ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના એપ્રિલ વાયદામાં ૧૫૮૩ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના એપ્રિલ વાયદામાં ૧૦૧૧ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિ થઈ હતી. ક્રૂડ તેલના વાયદામાં ઉછાળો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં ૪,૩૮,૨૦૦ ગાંસડીના સાપ્તાહિક વોલ્યુમ સાથે સપ્તાહના અંતે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૯૧,૯૫૦ ગાંસડીના સ્તરે હતો. કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૧,૬૮૦ના ઉછાળા સાથે સપ્તાહના અંતે રૂ.૪૦,૪૬૦ બોલાયો હતો. મેન્થા તેલમાં નરમાઈ સામે રબરમાં સુધારો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૫૭૧૨૩૯ સોદાઓમાં રૂ.૬૨,૫૯૪.૪૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૭,૦૧૧.૫૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૭૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૯,૮૧૧.૮૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫,૩૮૬.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭,૬૬,૫૧૨ સોદાઓમાં કુલ રૂ.૪૨,૨૮૭.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૧,૬૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨,૧૫૫ અને નીચામાં રૂ.૫૧,૧૫૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૩૧ વધી રૂ.૫૨,૦૭૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૩૧ વધી રૂ.૪૧,૪૫૬ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૪ વધી રૂ.૫,૧૬૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૪૪ વધી રૂ.૫૧,૮૪૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૮,૪૧૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૯,૭૪૮ અને નીચામાં રૂ.૬૭,૧૫૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ. ૮૭૪ વધી રૂ.૬૯,૩૨૦ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૭૮૦ વધી રૂ.૬૯,૩૯૯ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૭૭૬ વધી રૂ.૬૯,૪૦૧ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સપ્તાહ દરમિયાન, ૯૩,૪૯૧ સોદાઓમાં રૂ.૧૭,૪૬૩.૬૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧૨.૮૫ વધી રૂ.૨૮૪ અને જસત માર્ચ વાયદો રૂ.૧૫.૧૫ વધી રૂ.૩૩૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૨.૭૦ વધી રૂ.૮૧૨.૭૫ અને નિકલ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૨૮૭.૨ ઘટી રૂ.૨,૩૨૫.૩૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૫ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫,૬૩,૦૩૦ સોદાઓમાં કુલ રૂ.૪૫,૮૯૩.૬૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૭,૮૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૮,૮૫૮ અને નીચામાં રૂ.૭,૭૦૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૯૫૪ વધી રૂ.૮,૬૬૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૯.૫૦ વધી રૂ.૪૧૪.૬૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન, એમસીએક્સ ખાતે ૧૪,૧૦૩ સોદાઓમાં રૂ.૧,૮૮૮.૨૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન માર્ચ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૮,૮૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૦,૭૯૦ અને નીચામાં રૂ.૩૮,૭૪૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૬૮૦ વધી રૂ.૪૦,૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૮૪૦ના ભાવે ખૂલી, રૂ.૮૧ વધી રૂ.૧૬૯૨૨ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૨.૨૦ ઘટી રૂ.૧૦૧૩.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧,૫૪,૫૩૨ સોદાઓમાં રૂ.૨૦,૮૬૦.૯૩ કરોડનાં ૪૦,૩૫૫.૪૨૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૬,૧૧,૯૮૦ સોદાઓમાં કુલ રૂ.૨૧,૪૨૬.૯૮ કરોડનાં ૩,૧૩૦.૮૩૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨,૬૯,૧૨૫ સોદાઓમાં રૂ.૨૬,૬૩૬.૬૫ કરોડનાં ૩,૧૭,૩૬,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨,૯૩,૯૦૫ સોદાઓમાં રૂ.૧૯,૨૫૭ કરોડનાં ૪૯૬૨૭૨૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧૧,૨૪૨ સોદાઓમાં રૂ.૧,૭૬૭.૩૦ કરોડનાં ૪૩૮૨૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨,૮૨૧ સોદાઓમાં રૂ.૧૨૦.૧૫ કરોડનાં ૧૧૨૧.૪ ટન, રબરના વાયદાઓમાં ૪૦ સોદાઓમાં રૂ.૦.૭૭ કરોડનાં ૪૫ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૫,૩૬૧.૧૨૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૮૬.૧૩૧ ટન, ક્રૂડ તેલમાં ૮૬૦૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૨૪૫૩૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૯૧૯૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૧૨.૫૬ ટન, રબરમાં ૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૬૫૯૯ સોદાઓમાં રૂ.૫૩૭.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૬,૪૦૩ સોદાઓમાં રૂ.૫૧૪.૩૯ કરોડનાં ૬,૭૬૮ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૧૬૬ સોદાઓમાં રૂ.૨૦.૦૪ કરોડનાં ૧૯૧ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૩૦ સોદાઓમાં રૂ.૩.૩૦ કરોડનાં ૩૨ લોટ્સના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૬૪૯ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૪૭ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૪૨ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ એપ્રિલ વાયદો ૭,૯૭૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૮,૮૬૧ અને નીચામાં ૭,૮૫૦ના સ્તરને સ્પર્શી, ૧૦૧૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૦૬૦ પોઈન્ટ વધી ૮,૭૩૧ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૧૮૦ના સ્તરે ખૂલી, ૩૭૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૪૨ પોઈન્ટ વધી ૧૫,૩૪૨ના સ્તરે અને મેટલડેક્સ એપ્રિલ વાયદો ૨૧,૫૦૦ના સ્તરે ખૂલી, ૧૫૮૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૦૦ પોઈન્ટ ઘટી ૨૧૮૬૭ના સ્તરે પહોંચ્યો હતો.

# તાલુકા તેમજ સીધી જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ દાહોદનો સમાપન સમારોહ યોજાયો



પંચમહાલ બ્યુરો.દાહોદ

દેવગઢ બારીયાના જયદીપસિંહ રમત ગમત સંકુલ ખાતે તાલુકા તેમજ સીધી જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ દાહોદનો સમાપન સમારોહ વિધાનસભા દંડક રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં યોજાયો હતો. સાંસદ જસવતસિંહ ભાભોર, પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડ સહીતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સમાપન સમારોહ સંપન્ન થયો હતો. જિલ્લાના ૧.૧૪ લાખથી વધુ ખેલાડીઓએ ૧૧ માં ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે દંડક રમેશભાઈએ જણાવ્યું કે, ખેલ મહાકુંભથી ગામે ગામથી પ્રતિભાશાળી ખેલાડીઓ બહાર આવી રહ્યા છે. ખેલ મહાકુંભ ખેલાડીઓની પ્રતિભાને બહાર લાવવાનું ઉત્તમ માધ્યમ બન્યું છે. ખેલ મહાકુંભ થકી ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ મેડલ લાવતા થયા છે. દાહોદ જિલ્લામાં પણ ગ્રામ્ય સ્તરે પણ મોટી સંખ્યામાં ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ખેલ મહાકુંભ જિલ્લાના ખેલાડીઓની નૈસર્ગીક પ્રતિભા બહાર લાવવાનું માધ્યમ બન્યું છે. વિવિધ રમતોમાં જિલ્લાના ખેલાડીઓએ ઉચ્ચ ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે. વર્ષ ૨૦૧૯ ના ખેલ મહાકુંભમાં દાહોદ જિલ્લો રાજ્ય કક્ષાએ ત્રીજા ક્રમે રહ્યો હતો.

આ પ્રસંગે સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને તત્કાલીન મુખ્યમંત્રીએ વર્ષ ૨૦૧૦ માં ખેલ મહાકુંભનો પ્રારંભ કરીને દીર્ઘદ્રષ્ટિપુર્ણ કાર્ય કર્યું હતું. અત્યારે ખેલ મહાકુંભ થકી આપણને ઉત્તમ રમતવીરો પ્રાપ્ત થઈ રહ્યા છે તે પ્રધાનમંત્રીને આભારી છે. આ ખેલમહાકુંભ થકી હજુ પણ નવા ઉત્તમ ખેલાડીઓ મળશે.

આ પ્રસંગે ધારાસભ્ય બચુભાઈ ખાબડ તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ પ્રાસંગીક પ્રવચન કર્યું હતુ અને ખેલમહાકુંભમાં ભાગ લેનારા ખેલાડીઓની પ્રસંશા કરી હતી.

કાર્યક્રમમાં કલેકટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ,મામલતદાર રમત ગમત અધિકારી વિરલ ચૌધરી સહિતના અધિકારીઓ, શાળાના આચાર્યઓ, કોચઓ, રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લામાં કેન્સરના નિદાન માટેના સર્વે, સ્કેનિંગ અને સારવાર અભિયાનનો આરંભ કલોલના મોટી ભોયણ ગામ ખાતેથી કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે કરાયો

ગાંધીનગરઃ શનિવાર :

નાગરિકોના જીવ બચે તે સરકારની સૌથી મોટી મૂડી અને સંપત્તિ છે, તેવું આજરોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે કલોલ તાલુકાના મોટીભોંયણ ખાતેથી ગાંધીનગર જિલ્લામાં કેન્સરના નિદાન માટેના સર્વે, સ્કેનિગ અને સારવાર અભિયાનનો આરંભ કરાવતા જણાવ્યું હતું. આ ઉમદા અભિયાનનો આરંભ કરવા બદલ ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્રને અભિનંદન પાઠવી કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતના નાગરિકોનું અતૂટ વિશ્વાસ છે. તેમના માર્ગદર્શન અને નેતૃત્વમાં આરંભ થયેલ નીતિ રીતી, કાર્યક્રમો અને યોજનાઓને જનસ્વીકૃતિ મળી છે, તે વાતનું સમર્થન તાજેતરમાં ચાર રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીમાં મળેલ પ્રચંડ વિજય થકી જનતાએ આપ્યું છે. વડાપ્રધાનશ્રી સમગ્ર દુનિયામાં દેશને સમૃધ્ધિ અને યશસ્વી બનાવવાનું કામ કરી રહ્યા છે. રોજ એક નું એક કામ કરી આપણે કંટાળી જઈએ છીએ, તેવું કહી કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી રોજ જનકલ્યાણ માટેના નવીન વિચારો,યોજનાઓ અને કામો કરી રહ્યા છે. તેઓ દેશના હિત માટે અને વિકાસ માટે સતત ૧૮ કલાક દિવસમાં કામ કરી રહ્યા છે. તેમણે કોઈ દિવસ કામ થી કંટાળ્યા નથી અને રજા પણ પાડતા નથી. સર્વસ્પર્શી તથા સર્વસમાવેશક વિકાસ કરવાનો આરંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કર્યો છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતુ કે, ગુજરાતના ગામડાઓને ૨૪ કલાક વીજળી આપવાનું કાર્ય પણ તેમના માર્ગદર્શન હેઠળ સફળતાથી પૂર્ણ થયું હતું. આ કામથી સમગ્ર દેશ પ્રભાવિત થયો હતો. તેમણ ઉમેર્યું હતું કે તેઓ ઉપર છલ્લા કોઈ કામ કરતા નથી તેમણે આરોગ્યથી લઇ તમામ ક્ષેત્રની યોજનાઓની શુંખલા બનાવી છે.

તેમણે નાગરિકોને તમામ વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓ સરળતાથી મળે તેની ચિંતા કરી છે. એવું કહી તેમણે ઉમેર્યું હતું કે, આયુષ્યમાન ભારત યોજના હેઠળ ૧૦૦ કરોડ ગરીબોને આયુષ્યમાન કાર્ડ આપવાની શરૂઆત આજથી થઈ છે.ગરીબ પરિવારને પાંચ લાખ રૂપિયા સુધીની આરોગ્ય સુરક્ષા આ કાર્ડ થકી મળી રહી છે.ગાંધીનગર જિલ્લામાં ૩,૪૪,૮૧૩ આયુષ્યમાન ભારત યોજના નો લાભ મળ્યો છે જેમાં કલોલ તાલુકામાં ૪૨,૦૦૦ ગાંધીનગર તાલુકામાં ૯૭૦૦ પરિવારોને આ લાભ મળ્યો છે. ૧૧૦૦૦ વ્યક્તિઓને નાની-મોટી સારવાર માટે આ યોજના અંતર્ગત ૩૪ કરોડ રૂપિયા ચૂકવામાં આવ્યા છે.

આવનારા દિવસોમાં કેન્સરની જાગૃતિ અંગે નો અભિયાનને સઘન બનાવવામાં આવશે તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે આરોગ્યલક્ષી સેવાઓ ગ્રામ્ય કક્ષાએ પણ સરળતાથી મળી રહે તેવું સુચારું આયોજન આ સરકારના શાસનમાં કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં ભાજપનું શાસન ન હોતું તે સમયે માત્ર દસ જ મેડિકલ કોલેજો કાર્યરત હતી. પરંતુ ભાજપના શાસન બાદ ઉત્તર પ્રદેશમાં ૪૦ મેડિકલ કોલેજો કાર્યરત છે. જેમ મેડીકલ કોલેજોની સંખ્યા વધે છે, તેમ તેમાં સમાવેશ થતી ૧૫ જેટલી સ્વાસ્થ્યની સુવિધાઓ આસપાસના વિસ્તારના લોકોને સરળતાથી મળી રહે છે. તેમણે જણાવ્યું હતું કે ગરીબોની માહિતી આ સરકારના શાસનમાં ગરીબોના ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. નલ સે જલ,શૌચાલય, ગેસ સિલિન્ડર,સ્વાસ્થ્ય સેવાઓ સાથે સાથે કોરોનાની બંને ડોઝોની રસી મફત આપવામાં આવી છે. તેમણે ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા આજથી આરંભ કરવામાં આવેલા કેન્સર જાગૃતિ અભિયાનમાં સર્વે ગામના સરપંચોને સર્વે કરવા આવતી બહેનો ને સહકાર આપવા અને ગ્રામજનોને આ અંગેની જાગૃતિ આપવા માટેની અપીલ કરી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશ ભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ પોતાના મતવિસ્તારના નાનામાં નાના ગામની સમસ્યા હોય કે, નાનામાં નાના કામ ની સમસ્યા હોય તેના ઉપર પણ પોતાનું ધ્યાન રાખ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે સામાન્ય રીતે આરોગ્યની સેવાઓ સરળતાથી સૌને મળી રહે તે અભ્યાસનો આરંભ ગુજરાતમાં રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે વર્ષ ૨૦૧૨માં રાજયમાં ગરીબોની આરોગ્યલક્ષી સેવા આપવાનો મા કાર્ડ નો આરંભ કરવામાં આવ્યો હતો આજે સમગ્ર દેશના ગરીબો માટે આયુષ્યમાન ભારત થકી સરકાર તેમના આરોગ્ય માટે આર્થિક મદદ કરી રહી છે. કેન્સર રોગની સારવાર માટે જી.સી.આઈ.આર ને ૭૫ કરોડ રૂપિયાનો ખર્ચે અદ્યતન સુવિધા ઉભી કરવામાં આવી છે. મહિલાઓમાં મોટેભાગે સર્વાઇકલ અને બ્રેસ્ટ કેન્સર વધુ પ્રમાણમાં વધુ છે. મહિલાઓમાં વધતા જતા કેન્સરની માત્રા અને ઘટાડવા માટે પણ આ સરકાર કટિબદ્ધ છે એવું પણ જણાવ્યું હતું કેન્સરની સારવાર માટે પી.એમ.જે.વાય કાર્ડ થકી પણ સારવાર શક્ય બની રહી છે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા કાર્ડનું વિતરણ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું. તેમજ ગાંધીનગર અને કલોલ તાલુકામાં રૂપિયા ૧૩૭ લાખથી વધુ રકમના ૬ કામોનું ઈ-ખાતમહુર્ત તેમજ ૨૮ ગામોમાં રૂપિયા ૨૬૯ લાખથી વધુ રકમના વિવિધ નાના-મોટા ૧૦૨ વિકાસ કામોનું ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્ય મહાનુભાવનું શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું હતું કે, એક સર્વે મુજબ દર ૧ લાખ પુરુષોમાંથી ૯૪ અને ૧ લાખ મહિલાઓમાંથી ૧૦૩ મહિલાઓ કેન્સરના દર્દીઓ બની રહ્યા છે. કેન્સરના રોગના વધતા જતા વ્યાપને નાથવા માટે ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાસંદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ આ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત ટ્રેનિંગ લીધેલા આરોગ્ય કર્મીઓ દ્વારા ઘરે ઘરે સર્વે કરવામાં આવશે. આ સર્વેમાં ગાંધીનગર જિલ્લામાં ૧૮ વર્ષથી ઉપરના વ્યક્તિઓની કેન્સર અંગેની તપાસ કરવામાં આવશે.શંકાસ્પદ દર્દીઓનું સ્કેનીંગ કરવામાં આવશે. આ દરમ્યાન જેમને સારવારની જરૂરિયાત લાગશે તેમને GCRI ની મદદથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભ સાથે સારવાર આપવામાં આવશે. કાર્યક્રમના અંતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુરભી ગોત્તમ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, પૂર્વ ગૃહ રાજયમંત્રીશ્રી રજનીભાઇ પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ સહિત અનેક પદાધિકારીઓ - ગામના સરપંચશ્રીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આહવા ખાતે યોજાઇ જિલ્લા આયોજન મંડળના વિકાસ કામોની સમીક્ષા બેઠક

આહવાઃ તાઃ ૨૬:

સો ટકા આદિવાસી વસતિનુ પ્રભુત્વ ધરાવતા ડાંગ જેવા પ્રદેશમા મળેલી નોકરીની તક ને, સૌભાગ્ય સમજી અકિંચનજનોની સેવા, સુશ્રૃષા અને વિકાસના કાર્યો સાથે આશીર્વાદ મેળવવાની, જિલ્લાના અધિકારીઓને તક ઉપલબ્ધ થઈ છે તેમ જણાવતા, ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી-વ-રાજયના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઇ પટેલે, જિલ્લા અધિકારીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરુ પાડ્યુ હતુ. ડાંગ જિલ્લા આયોજન મંડળની સમીક્ષા બેઠકને સંબોધતા મંત્રીશ્રીએ જિલ્લાના વિકાસ કાર્યો બેવડાઈ નહી તેની તકેદારી સાથે, ગુણવત્તા ઉપર વિશેષ લક્ષ કેન્દ્રિત કરવાની પણ હિમાયત કરી હતી. આદિવાસી સમાજની નવી પેઢીમા શિક્ષણ અને વિકાસની ઊઘડતી ભૂખ સંતોષવાની આપણી સૌની સહિયારી જવાબદારી છે, તેમ જણાવતા મંત્રીશ્રીએ અમલીકરણ અધિકારીઓને કાર્ય કર્યાનો આત્મસંતોષ મેળવવાની તેમને તક સાંપડી છે, તેમ પણ જણાવ્યુ હતુ. જિલ્લામા આયોજન મંડળ હેઠળ ચાલી રહેલા જુદા જુદા વિકાસકામોની કામવાર સમીક્ષા કરતા મંત્રીશ્રીએ, આંગણવાડી, સ્મશાન ગૃહ જેવા કામોમા માનવતા અને સંવેદના દાખવવાની પણ હિમાયત કરી હતી.

જળ સંગ્રહના કામોમા ભૂગર્ભ ટાંકાની ભૂમિકાની ચર્ચા કરતા મંત્રી શ્રી નરેશભાઇ પટેલે છાત્રાલયો, અને શાળાઓની સેવાની પણ સમીક્ષા કરી હતી.

ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે પૂરક વિગતો રજૂ કરી, જિલ્લાના જુદા જુદા વિભાગોને પરસ્પર સંકલન અને સહયોગ સાથે કાર્ય કરવાની હિમાયત કરી હતી.

જિલ્લા કલેક્ટર શ્રી ભાવિન પંડ્યા તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.વિપિન ગર્ગ એ વિકાસ કાર્યોની પૂરક વિગતો રજૂ કરી, ચર્ચામા ભાગ લીધો હતો.

દરમિયાન સને ૨૦૨૧-૨૨ના વર્ષમા વિકેન્દ્રિત જિલ્લા આયોજન મંડળની વિવિધ જોગવાઈઓ જેવી કે વિવેકાધિન જોગવાઇ, પ્રોત્સાહક જોગવાઈ, વિકાસશીલ તાલુકા, એ.ટી.વી.ટી. યોજના, ધારાસભ્ય શ્રી તથા સાંસદશ્રીના અનુદાનના કામો, અને રાષ્ટ્રીય પર્વ જેવી વિવિધ યોજનાઓ હેઠળ કુલ રૂ.૨૩૭૫ લાખની જોગવાઈના ૫૭૫ કામોની સમીક્ષા હાથ ધરવામા આવી હતી.

સાથે સને ૨૦૨૦-૨૧ની કુલ રૂ.૨૧૨૫ લાખની જોગવાઈ હેઠળના ૫૩૧ કામો પૈકીના શરૂ નહીં થઇ શકેલા ૨ કામો, સને ૨૦૧૯-૨૦ની રૂ.૨૪૨૫ લાખની જોગવાઈ હેઠળના ૬૫૪ કામો, તથા સને ૨૦૧૮-૧૯ની કુલ રૂ.૨૪૧૦.૪૯ લાખની જોગવાઈના ૬૪૫ કામોની ભૌતિક અને નાણાકિય સિદ્ધિની પણ ઘનિષ્ઠ ચર્ચા વિચારણા હાથ ધરવામા આવી હતી. બેઠકની કાર્યવાહી સંભાળતા ઈન્ચાર્જ જિલ્લા આયોજન અધિકારી-વ-પ્રાંત અધિકારી શ્રી આર.એમ.જાલંધરાએ વર્ષવાર કામોની તારીજ રજૂ કરી, પૂરક વિગતો પુરી પાડી હતી.

ડાંગ જિલ્લા સેવા સદન-આહવા ખાતે યોજાયેલી જિલ્લા આયોજન મંડળની સમીક્ષા બેઠકમા મંત્રીશ્રી સહિત ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલ ઉપરાંત જિલ્લા કલેક્ટરશ્રી ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.વિપિન ગર્ગ, નાયબ વન સંરક્ષકો સર્વે શ્રી રવિ પ્રસાદ અને શ્રી દિનેશ રબારી, નિવાસી અધિક કલેક્ટર શ્રી પી.એ.ગાવિત, પ્રાયોજના વહિવટદાર શ્રી કે.જે.ભગોરા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી સહિતના જુદા જુદા વિભાગોના અમલીકરણ અધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામા ભાગ લીધો હતો.

નરેન્દ્ર પવાર,પવાર




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 0110**

પ્રકાર : ગદ્ય- લઘુવાર્તા

વિષય : સંબંધો/લાગણીઓના મેણા ટોણા

શબ્દો : ૩૪૬

શીર્ષક : 'જીવનમાં સંતોષ'

લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

મનીષભાઈ અને નીતાબેન સુશિક્ષિત, સંસ્કારી અને મધ્યમ વર્ગીય કુટુંબના પતિ-પત્ની.નાની બહેન રૂપાના લગ્ન બાદ માતા-પિતાની સંપૂર્ણ જવાબદારી મનીષભાઈ ઉપર હતી. સંતાનોમાં સાત વર્ષનો પુત્ર સુલય અને ચાર વર્ષની પુત્રી નૈયા હતાં. મધ્યમવર્ગીય કુટુંબ હોવાથી મનીષભાઈ અને નીતાબેન બંને જોબ કરીને કુટુંબની આર્થિક પરિસ્થિતીનું સંતુલન બનાવી રાખતા. બન્ને જોબ કરતા હોવાથી પુત્ર સુલય અને પુત્રી નૈયાનો ઉછેર દાદા-દાદી પાસે જ વધુ થતો.

નીતાબેન સ્વભાવે સુશીલ, સંસ્કારી અને નરમ સ્વભાવ ધરાવે. પરંતુ તેમની આર્થિક પરિસ્થિતિ અને કુટુંબની જવાબદારીઓ વિશે તેમને હંમેશા મનમાં ખટકો રહ્યા કરતો અને જાણે-અજાણે દોષનો ટોપલો હંમેશા તેમના પતિ મનીષભાઈને માથે ઢોળાતો. તેમનો બધો આક્રોશ મનીષભાઈ ચૂપચાપ સાંભળી લેતા અને નીતાબેનને ધીરજ રાખવા કહેતા.

નીતાબેનને પોતાની પાસે નાનકડું ઘર હોવાનો, ચાર પૈડાનું વાહન ન હોવાનો, બાળકોને પ્રતિષ્ઠિત કોન્વેન્ટ સ્કૂલમાં ન મૂકી શકવાનો, વાર-તહેવારે સારી રેસ્ટોરન્ટમાં જઈને જમી ન શકવાનો, પ્રસંગોપાત વેકેશનમાં ફરવા નહીં જઈ શકવાનો, સાસુ-સસરાની સતત હાજરીને કારણે ઘરના રસોડા સાથે બંધાઈ રહેવાનો, લગ્ન બાદ પોતાને ઘરેણાં કે મોટી ભેટસોગાદ નહીં મળ્યાનો અસંતોષ જેવી અસંખ્ય નાની નાની બાબતે દોષિત ઠેરવવા છતાં મનીષભાઈ ક્યારેય કુટુંબ પ્રત્યેના કર્તવ્યથી પાછા ન હટયા.

સમયના વહેણમાં ૨૦ વર્ષ બાદ મનીષભાઈ અને નીતાબેનનો સમય પણ પલટાયો. નીતાબેનની ફરિયાદો ઓગળવા લાગી. મનીષભાઈ તેમની પ્રમાણિકતા અને કર્તવ્યનિષ્ઠાને કારણે ઓફિસમાં ખુબ ઉંચી પદવી પર પહોંચી ગયા. નીતાબેને પણ તેમની જોબમાં ઘણી પ્રગતિ કરી. મોટું મકાન અને કાર પણ લીધી. બંને બાળકો તેજસ્વી હોવાથી સુલય મેડિકલમાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યો હતો અને નૈયા આર્કિટેક્ચરનો અભ્યાસ પૂરો કરી ચૂકી હતી. પિતાના અવસાન બાદ મનીષભાઈ અને નીતાબેન બંને માતાની વધુ કાળજી લેતા.

એક દિવસ મનીષભાઈ અને નીતાબેન બંને ઘરની ગેલેરીમાં હિંચકા ઉપર બેઠા હતા. મનીષભાઈએ નીતાબેનને કહ્યું, જો, નીતા, મને ખબર છે હું તને ગમતી સુખ-સગવડો ક્યારેય સમયે આપી નથી શક્યો. તને શરૂઆતમાં ઘણો અસંતોષ રહ્યો. પરંતુ મારી આપણા કુટુંબ પ્રત્યેની નિષ્ઠા, તારું સમર્પણ, બાળકોમાં સંસ્કાર સિંચન અને સૌથી મહત્વનું માતા-પિતાના આશીર્વાદ એ સઘળું આપણને ફળ્યું છે. આજ તો આપણા જીવનની સાચી કમાણી છે અને આ બધાનો શ્રેય હું તને આપું છું. તારી ધીરજ અને લાગણીભરી સંભાળને કારણે જ આપણે આજે કુટુંબ સાથે આટલા સુખી છીએ. નીતાબેન સજળ નયને મનીષભાઈની આંખોમાં આંખો પરોવી તેમની વાત ધ્યાનથી સાંભળી રહ્યા. આજે તેઓ સ્વર્ગના સુખનો અનુભવ કરી રહ્યા હતા.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

**NOG SS No : 0078**

પ્રકાર - ગદ્ય ( લેખ)

શીર્ષક - સંબંધમાં વિકૃતિ

સમય અને સંબંધ એ જેટલા સરળ શબ્દો લાગે છે એટલા છે જ નહીં. સમયનું કાળચક્ર ફરતું ગયું લગભગ બધું જ બદલાતું ગયું અને એ પણ ઘરમૂ ળથી. બધા જ સંબધોની વ્યાખ્યાઓ બદલાઈ ગઈ.

એક સમયે લગ્ન પહેલાં એકબીજાને જોયાં પણ ન હોય તેવા બે વ્યક્તિઓ વડીલોના કહેવાથી સંબંધ બાંધતા અને આવી વ્યક્તિઓ બાળવયે કે નાની ઉંમરે આખી જ જીવનની સફર સાથે ગાળી લેવા રાજી થતા. ત્યારે પણ જીવનમાં કોઈ સંઘર્ષ નહોતો તેવું ક્યાં હતું? સ્ત્રીઓ તો નસીબમાં સંઘર્ષની લીટી લઈને જ જન્મે છે ને? ઘણાં મહેણાં - ટોણાં, અન્યાય છતાં પડ્યું પાનું નિભાવી લેવાની અને એ જ ઘરમાં સંયુક્ત કુટુંબમાં સાથે જિંદગી જીવી લેવાની અંત સુધી. ત્યારે દીકરીનું પાછા વળવું પણ લગભગ અશક્ય હતું.

પછી કાળચક્રએ થોડું પડખું ફર્યું. અને આ બધી બાબતોમાં થોડી ભિન્નતા આવી. થોડા થોડા સમયે અલગ અલગ દ્રષ્ટિકોણ લઈને આવતો સમય દરેક વખતે એમાં થોડીક આધુનિકતાનો વધારો કરતો ગયો અને સંબંધોને અલગ અલગ ઓપ અને આકાર આપતો ગયો. આધુનિકતાના નામે કે ખૂબ જ વિસ્તૃત દ્રષ્ટિકોણના નામે ક્યાંક સંબંધોમાં છળ ન થાય અને સંબંધ જેવા સુંદર અને પવિત્ર શબ્દ પર કોઈ લાંછન ન લાગે તે જોવું જ રહ્યું.

સતત સમાચારોમાં છપાતા આજકાલના લબરમૂછિયાઓની પરાણે સંબંધ બાંધવાની માનસિક વિકૃતિની પરાકાષ્ઠા એટલી હદે પહોંચી છે કે તેની સાથે સંબંધમાં આગળ વધવા માટે જો નકારાત્મક પ્રતિભાવ આવે અને જો પૌરુષ અહમ્ ખવાય તો તે મગજ પરની સંતુલિતતા ગુમાવી દે છે. દીઘર્દ્રષ્ટિ એટલે શું તે કદાચ આજકાલના અમુક જુવાનીયાઓને ખબર જ નથી. એટલે અહમ્ પર ઘાત પડતા જ વિષમ પ્રત્યાઘાત સામેવાળાની હત્યા કરી દેવાનો આવે છે અને એ પણ ખૂબ જ ક્રૂર અને ઘાતકી રીતે. તે એક સાથે ઘણી બધી જિંદગીઓમાં દુઃખ વ્યાપી જાય છે.

જે છોકરીએ સંબંધ બાંધવાની ના પાડી અથવા તો બાંધીને બ્રેકઅપ કર્યું તો તેની હત્યા કરી દીધી. જેણે હત્યા કરી તેને પોલીસ પકડી ગઈ. અને બંને પક્ષના મા - બાપ, ભાઈ- બહેન દુઃખી થઈ ગયા. આખરે હાથમાં શું આવ્યું? આવું કરનાર એ છોકરો આજીવન જેલમાં રહેશે જ. થોડા સમય માટે પોતાનો મન પરનો કાબૂ ગુમાવી દેવાનું આખી જિંદગી માટે ભારે પડ્યું.

"સંબંધ એટલે શું? "તેની વ્યાખ્યા સમજાવવામાં મા-બાપ નિષ્ફળ રહ્યાં? બાળકના ઉછેરમાં ઘણી બધી કચાશ. બાળકની બધી જીદ પૂરી કરી દેવી અને ખૂબ જ લાડકોડથી બાળકને ઉછેરવું એટલે ક્યારેય ના સાંભળવાની એની વૃત્તિ જ ન રહી? કે બીજું કંઇ?

સમય હવે સંબંધમાંથી વિકૃતિની પરાકાષ્ઠા ને ખેંચીને અને આગળની પેઢીને એ સમજાવે કે સંબંધ એટલે બલિદાન, પ્રેમ . અહમ્ ને નફરત નહીં.

પોતાના સાથીને સુખ આપવા માટે પોતાનાથી બનતું કરી છૂટવાની વૃત્તિ અને થોડાક ઘર્ષણ સાથે પણ જિંદગીની ગાડીને ચલાવી લેવાની એક આવડત.

શ્વેતા તલાટી.

---

**NOG SS NO - 0037**

વિષય.- સંબંધો.....

શીર્ષક - સંબંધોના વાવેતર.

શબ્દો - ૮૭

સૃષ્ટિ સર્જનહારની,
સઘળો સંસાર તેનો,
આપણે સૌ સંતાન એક પિતાના.
સંબંધોના વાવેતર કરી જુઓ,
સંવેદનાઓનું ખાતર નાંખો,
સિંચન સ્નેહનાં સથવારે કરો.
મબલખ પાક સંબંધોનો થશે,
જીવન બાગબાન સૌનું થશે,
પરમ પિતાને પણ આનંદ થશે.
સંબંધો ઈશની માયા,
સંબંધો આશાઓનો મહાસાગર,
સંબંધો કલ્પવૃક્ષ માનવતાનું.
સંબંધો ઊર્જા છે,
સંબંધો સ્વની ઓળખ છે,
સંબંધો સરવાળે જીવન ઉધાયન છે.
સંબંધોના સથવારે,
જીવન યાત્રા દીપે,
ચાલો સૌ સાથે મળી,
સંબંધોનું વાવેતર સાહિત્ય સરિતાના સથવારે કરીએ.

હેમલતા દિવેચા ' હેમ '

---

**NOG NO. S.S. 0059.**

વિષયઃ સંબંધો,
લાગણીઓનાં 'મેણાં ટોણાંહ્ણ

પ્રકારઃ ગદ્ય- લેખ.

શીર્ષકઃ 'તાકાત માપો શબ્દોનીહ્ણ

શબ્દોઃ ૩૦૬

જયકાન્ત ઘેલાણી, 'પ્યારે
'સજાવી, શબ્દોનાં શુભ સાથિયા,
' પ્યારેહ્ણસજાવો, રંગોળી,સંબંધોની.હ્ણ
આ સમગ્ર વસુંધરા ઉપરની જીવ સૃષ્ટિમાં, કેવળ માનવ છે જે સંબંધો બનાવે છે, નિભાવે છે તો સાથે સાથે પોતાનાં વાણી- વ્યવહાર- વર્તનથી તોડતાં લેશમાત્ર પણ સંકોચ અનુભવતો નથી, સમય ગુમાવતો નથી.
તેમ છતાં મનુષ્યની ગણના ધરતી પરનાં સૌથી સમજુ, બુધ્ધિશાળી પ્રાણી તરીકે થાય!
સંબંધોનાં ઓઠા નીચે ખુલ્લી લૂંટ ,
જગ સમક્ષ ચલાવી છે,
જૂઠી છેતરામણીની માયાજાળ !
આ માયાજાળનું આગવું, ફક્ત બે અક્ષરનુ હથિયાર છે, 'મેણાંહ્ણ, ટોણાં '.
બે સામાન્ય લાગતાં શબ્દો, જીવનભરના ,મીઠાં સંબંધોને ચપટીમાં કડવા ઝેર જેવાં કરવાની ક્ષમતા ધરાવે છે.
સોના જેવા સંબંધોને, અલ્પ શબ્દોનાં સથવારે કથીરના બનાવી પરસ્પર વેર- ઝેરના બીજનું વાવેતર કરવાનાં કામયાબ થાય છે.
આ બધું માનવજાત જાણે છે,
છતાં ક્ષણભરનાં આવેશમાં આવી,વર્ષો જૂના સંબધોને ઘડીભરમાં તોડી નાખે છે, છતાં તે કેમ ડાહ્યો ગણાય ?
અકલ્પનિય ઉદાહરણ !
મહારાણી દ્રોપદીના,અગ્નિથી પણ વિશેષ દઝાડનારાં શબ્દો-
"અંધાના, જાયા અંધા ! ,
પરિણામે સર્જાયું , સૃષ્ટિ ઉપરનું
ભીષણ યુધ્ધ, 'મહાભારતહ્ણ.
આપણી કહેવતો સંબંધોનું , શબ્દોનાં સથવારે જતન કરવાનું અને નિભાવવાનો સચોટ ઉપદેશ આપે છે.જેમ કે,
'બોલે તેના બોર વેચાય '
તો બીજી કહેવત છે,
'ન બોલવામાં નવ ગુણહ્ણ. તો
સમજ શકિતનો ઉતમ ઉપદેશ આપતી કહેવત,
'અંધાને અંધો કહિયે તો કડવા લાગે વેણ,
હળવે રહીને પૂછીએ, 'પ્યારેહ્ણ શેણે ખોયા નેણ?હ્ણ
શબ્દો ના સથવારે,સંબંધોને જે સાચવી શકે છે, શણગારી શકે છે અને સમયે સમયે નિભાવી જાણે છે,તે વ્યકિત જગતમાં મહામાનવનુ બિરુદ હાંસલ કરી સમગ્ર વિશ્ર્વમાં ભારતનું નામ રોશન કરવાની સાથે ગુંજતું કરી શકે છે.
વર્તમાન યુગનો મહામાનવ એટલે 'યુગપુરૂષહ્ણ આપણા વડાપ્રધાન 'શ્રી નરેન્દ્રભાઈ મોદીહ્ણ , જેઓએ સંબંધોને,હંમેશાં સમયે સમયે, શબ્દોનાં સથવારે, દેશ વિદેશ સાથે,અરસ પરસના સંબંધોને નવપલ્લવિત કર્યા છે, સંબંધોને વધુ મજબૂત કરી વિશ્ર્વશાન્તિ ને પ્રાધાન્ય આપ્યું છે,અને આપતાં રહે છે. આ છે , મહામાનવની દુરંદેશી!
સજાવી, શબ્દોનાં શુભ સાથિયા , 'પ્યારેહ્ણ સજાવો,રંગોળી સંબંધોની.
'સત્યમ્ વદમ્ , પ્રિયમ્ વદમ્હ્ણ.

જયકાંત ઘેલાણી." પ્યારે "

## કૌશલ્ય વિકાસ ગુજરાત સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા :શ્રમ-રોજગારમંત્રી શ્રી બ્રિજેશકુમાર મેરજા




" કૌશલ્ય વિકાસ એ ગુજરાત સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે", તેમ રાજયના શ્રમ, કૌશલ્ય-વિકાસ અને રોજગારમંત્રી શ્રી બ્રિજેશકુમાર મેરજાએ જણાવ્યું છે. અમદાવાદ ખાતે ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન અને કૌશલ્ય- ધ સ્કીલ યુનિવર્સિટી દ્વારા આયોજિત રાઉન્ડ ટેબલ ડિસ્કશન- "Creating a Roadmap for Developing Trained Manpower for Drone sector in next 5 years"ને સંબોધતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,આગામી ૫ વર્ષમાં ડ્રોન સેક્ટરમાં તાલીમબદ્ધ માનવબળ પુરુ પાડવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

મંત્રીશ્રીએ વિશેષ કરીને કૃષિ અને આરોગ્ય જેવા ક્ષેત્રોમાં ડ્રોન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા નિષ્ણાતોને અનુરોધ કર્યો હતો. તેમણે રાજય સરકારની કુશળ માનવબળ માટેની કટિબદ્ધતાનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભામાં ''કૌશલ્ય યુનિવર્સિટી'' વિધેયક સર્વાનુમતે પસાર થયું, જે આ ક્ષેત્રમાં વિકાસ માટેની રાજયની તત્પરતાનો પરિચય કરાવે છે.

શ્રી બ્રિજેશકુમાર મેરજાએ ડ્રોન ટેકનોલોજીના ક્ષેત્રમાં વિકાસ માટે ગુજરાત સરકારના સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. તેમણે વિષય-નિષ્ણાતોને તેમના અનુભવ અને કૌશલ્યનો વ્યાપક સમાજહિત માટે ઉપયોગ કરવાનું પ્રેરક સૂચન કર્યું હતું.

કાર્યક્રમના અતિથિ વિશેષ અને ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના સચિવ શ્રી રાજેશ અગ્રવાલે અર્થપૂર્ણ સંવાદ માટે ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ભારતમાં કોરોનાવિરોધી રસીના મહાઅભિયાનમાં ડ્રોન ટેકનોલોજીએ પણ મહત્વની ભૂમિકા ભજવી છે. તેમણે ઉમેર્યું હતું કે, આગામી સમયમાં ડ્રોનના વ્યાપક વપરાશના પગલે રિપેરિંગ -મેઈન્ટેન્સના ક્ષેત્રમાં પણ વ્યાપક રોજગારસર્જનની સંભાવના છે.

ગુજરાત સરકારના શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગારના અગ્ર સચિવ શ્રી અંજુ શર્માએ કહ્યું કે, આગામી સમયમાં ડ્રોન સેક્ટરમાં તક અને પડકારોને લક્ષમાં લઈને રાઉન્ડ ટેબલ ડિસ્કશન કરવામાં આવી રહી છે. તેમણે એવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ મનોમંથનના પગલે ડ્રોન સેક્ટર વધુ કાર્યદક્ષ બનશે. તેમણે ઉમેર્યું કે, રાઉન્ડ ટેબલ ડિસ્કશન માત્ર ગુજરાત માટે નહીં, પણ ભારત માટે દિશાદર્શનનું કાર્ય કરશે.

ઈસરોના સ્પેસ એપ્લીકેશન સેન્ટર (SAC)ના ડાયરેક્ટર શ્રી નિલેશ દેસાઈએ 'આત્મનિર્ભર ભારત'ના વિચારનેસાકાર કરવામાં આ પ્રકારનું મનોમંથન ઉપયોગી બની રહેશે. તેમણે આ ક્ષેત્રના વિકાસમાં ઈસરોની શી ભૂમિકા હોઈ શકે તે પણ સ્પષ્ટ કર્યું હતું.

આ રાઉન્ડ ટેબલ ડિસ્કશનમાં – ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ શ્રી સ્મિત શાહે ડ્રોન સેક્ટરમાં કૃષિ, સંરક્ષણ, ખાણખનીજ અને આરોગ્યક્ષેત્રમાં તકો સંદર્ભે વાત કરી હતી, જયારે ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી અંબર દુબેએ ડ્રોન ઓપરેશનમાં પડકારો અને ડ્રોન ઓપરેટરને તાલીમ સંદર્ભે વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સીઓઓ શ્રી વેદમણિ ત્રિપાઠીએ ડ્રોન સેવામાં માનવબળ અને તાલીમની જરૂરિયાત અંગે વાત કરી હતી. ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારના અગ્ર સચિવ શ્રી અંજુ શર્માએ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટના ક્ષમતા વર્ધન અને તાલીમાર્થીઓને તાલીમ( ટ્રેઈનિંગ ઓફ ટ્રેનર્સ) વિશે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. અદાણી જૂથના શ્રી રંગરાજન વિજયરાઘવન (વાઈસ પ્રેસિડેન્ટ, સ્ટ્રેટેજી)એ ઉદ્યોગો સાથે સહયોગ મુદ્દે તેમનું મંતવ્ય રજૂ કર્યું હતું.

આ રાઉન્ડ ટેબલ ડિસ્કશનમાં ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશનના ડાયરેક્ટર શ્રી લલિત નારાયણસિંઘ સંધુ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના ડિરેક્ટર શ્રી સંદેશ તિલેકર તેમ જ ડ્રોન ટેકનોલોજી ક્ષેત્રના નિષ્ણાતો, મહાનુભાવો જોડાયા હતા.




બેઠક દ્વારા આયોજિત ×વ્યક્તિ એક વ્યક્તિત્વ અનેક × શ્રેણી -૧૭ માં આજના આપણા મહેમાન છે સુ શ્રી અદિતિ દેસાઈ...

છેલ્લા ત્રણ દાયકામાં, જેણે થિયેટરની દુનિયામાં પોતાને માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે અને ગુજરાતમાં વર્ષોથી રંગભૂમિની મશાલ ઝળહળતી રાખનાર એક્ટર અને દિગ્દર્શક, નિર્માતા, ફિલ્મ નિર્માતા અને સ્ક્રિપ્ટ લેખક ,ટી મેમોરિયલ ફાઉન્ડેશનના ક્રિએટિવ ડિરેક્ટર આવા સિધ્ધહસ્ત અને મલ્ટી ટૅલન્ટેડ કલાકાર સુ શ્રી અદિતિ દેસાઈની આજે વિશ્વ રંગ મંચ દિવસે એક ખાસ મુલાકાત પ્રસ્તુત કરતા બેઠક ગૌરવ અનુભવે છે.

આજે અદિતીબેન રંગમંચની નોખી વાતો કરશે. મિત્રો આવો અને તેમનાં જીવનવિશેની અણજાણ વાતો. જાણી, માણીને પ્રતિભાવ આપવાનું ભૂલતાં નહીં. સાંભળો તેમના મોઢે રંગમંચની અવનવી વાતો અને હા તમારા અભિપ્રાય અમૂલ્ય છે.

# નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય (MNRE) દ્વારા ગુજરાત રાજ્યના ગાંધીનગર શહેરને સોલાર/RE સિટી તરીકે જાહેર કરવામાં આવ્યું

ભારતીય શહેરોને ૧૦૦% રિન્યુએબલમાં રૂપાંતરિત કરવાના પ્રોજેક્ટ RE 100 સિટી પ્રોગ્રામ હેઠળ ભારત સરકારના નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE), જર્મન ડેવલપમેન્ટ કોર્પોરેશન (GiZ) અને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) ના સહયોગથી AHASolar દ્વારા સૂર્ય રથ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું .ગાંધીનગર, ૨૫ માર્ચ, ૨૦૨૨: ઈઈ ૧૦૦ સિટી પ્રોગ્રામ હેઠળ, ગુજરાત રાજ્ય માં ગાંધીનગર શહેર ને પસંદ કરવામાં આવ્યું છે. આ પ્રોગ્રામ હેઠળ ગાંધીનગર શહેર ની સંપૂર્ણ ઉર્જાની જરૂરિયાત ને રિન્યૂએબલ એનર્જી થકી પૂરી કરવા માટે , AHASOLAR એ શહેરમાં GiZ, MNRE, GEDA, UGVCL અને ટોરેન્ટ પાવરના સહયોગથી સૂર્ય રથયાત્રા અભિયાનનું આયોજન કર્યું હતું. સૂર્ય રથયાત્રા નો પ્રારંભ શ્રી પ્રમોદ પાલીવાલ, ડીન, સ્કૂલ ઓફ એનર્જી મેનેજમેન્ટ, પંડિત દીનદયાલ યુનિવર્સિટી (PDEU), અને શ્રી વિપિન શર્મા ચીફ ઓપરેટિંગ ઓફિસર (COO) AHASOLAR દ્વારા PDEU ખાતે થી ફ્લેગ ઓફ કરીને કરવામાં આવ્યો હતો. આ સૂર્ય રથયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સૂર્ય રથ પર સ્થાપિત કરેલ પ્રોટોટાઈપ દ્વારા લોકોમાં રૂફટોપ સોલરને અપનાવવાની પ્રક્રિયાને વેગ




આપવા માટે જાગૃતિ ફેલાવવાનો છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના રહેવાસીઓને રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા , આબોહવાને બચાવવા અને ગ્રીન કવરને જાળવવા માટે સ્વચ્છ ઉર્જાનો ઉપયોગ કરવાના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવાની અપીલ સાથે રથયાત્રા ઝુંબેશ હાથ ધરવા માં આવી છે. તે માટે વિવિધ કોલેજોના લગભગ ૨૦૦ જેટલા સ્વયંસેવકો આ કાર્યક્રમ માં જોડાયા છે . સૂર્ય રથયાત્રાનો ઉદ્દેશ સમગ્ર ગાંધીનગર શહેરમાં રૂફટોપ સોલાર ક્ષમતાની માંગને એકત્રિત કરવાનો છે. GEDA દ્વારા RE સિટી પ્રોગ્રામ , ઉત્તર ગુજરાત વિજ કંપની લિ. (UGVCL), ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC), ટોરેન્ટ પાવર ના સહયોગથી GiZ અને AHASolar સાથે મળી ને ઈઈ સિટી પ્રોગ્રામ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે.

સૂર્ય ગુજરાતનું સિંગલ-વિંડો વેબ પોર્ટલ, https://suryagujarat.guvnl.in/ રસ ધરાવતા રહેણાંક ગ્રાહકોને સબસિડી રૂફટોપ સોલાર પ્રોજેક્ટસ અને બિન-સબસિડી પ્રોજેક્ટ્સ માટે ઑનલાઈન વિનંતી સબમિટ કરતા પહેલા સંબંધિત માહિતી જાણવામાં મદદ કરશે અને https:// / srtgeda.gujarat.gov.in/ સોલાર રૂફટોપ ની નોંધણી કરી શકે છે. ડિસકોમ અને અમલીકરણ એજન્સી દ્વારા, સંબંધિત માહિતી અને નોંધણી માર્ગદર્શિકા મેળવવા માટે મિસ્ડ કૉલ નંબર ૭૬૬૬૪૪૯૯૧૧ અને WhatsApp ચેટબોટ નંબર ૯૧-૯૭૨૪૩૦૦૨૭૦ ની સુવિધા પણ પૂરી પાડવામાં આવેલ છે. આ પોર્ટલ સોલર કંપની અને ગ્રાહકોને જોડવામાં , ઈન્સ્ટોલેશનની પ્રક્રિયાને સરળ બનાવવામાં અને લોકોમાં જાગરૂકતા વધારવામાં મદદ કરે છે. આ પ્રોગ્રામ AHASolar દ્વારા સંચાલિત છે . જે રાજ્યમાં રૂફટોપ સોલરને અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા માટે ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડે છે.

**'અંગદાન મહાદાન અને 'માનવ સેવા એ જ પ્રભુ સેવાની આપણી સંસ્કૃતિ અંગદાન અને અંગ-પ્રત્યારોપણથી ઊજાગર થાય છે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મૃતક સ્વજનોના હૃદયનું દાન કરનારા પરિવારોનું અભિવાદન કર્યું-૨૭ સફળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરનારા સિમ્સ હોસ્પિટલના તબીબોને બિરદાવ્યા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, 'અંગદાન મહાદાન' અને 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ની આપણી સંસ્કૃતિ અંગદાન અને અંગ-પ્રત્યારોપણથી ઊજાગર થાય છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ઈશ્વર માનવીને જિવન આપે છે અને તબીબો જરૂરતમંદ વ્યક્તિઓમાં અંગ પ્રત્યારોપણ કરીને તેનો જીવ બચાવી નવજીવન આપે છેપોતાના મૃત સ્વજનોના અંગદાન કરનારા પરિવારો-નાગરિકો પણ માનવસેવાનો આપદ ધર્મ નિભાવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદની સિમ્સ હોસ્પિટલ દ્વારા આયોજીત સમારોહમાં હોસ્પિટલની સારવાર સુવિધાઓનો લાભ મેળવીને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ દ્વારા નવજીવન મેળવનારા ૮ જેટલા વ્યક્તિઓનું અને પોતાના સ્વજનના અંગદાન કરનારા પરિવાર જનોનું પ્રતિકરૂપે સન્માન કર્યું હતું

સિમ્સ હોસ્પીટલ દ્વારા ૨૭ હાર્ટના ટ્રાન્સપ્લાન્ટની આ મોટી સિદ્ધિને મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત માટે પણ ગૌરવરૂપ ગણાવી અભિનંદન પાઠવ્યા હતા. સમાજમાં તબીબોની ભૂમિકા ખુબ મોટી છે અને રહેવાની છે તેની સરાહના કરતા તેમણે કહ્યું કે જન-માનસમાં ભગવાન પછીનું સ્થાન તબીબનું છે. મૂલ્યનિષ્ઠ તબીબોની લોકચાહના આવા પ્રસંગોથી ઉજાગર થતી રહે છે અને તબીબી વ્યવસાય નોબેલ પ્રોફેશન છે તેમ તેમણે ઉમેર્યું હતું

મુખ્યમંત્રીશ્રીએ આ અભિવાદન સમારોહને માનવીય સંવેદના અને તબીબી સિદ્ધિના સહિયારા સન્માનનો અવસર જણાવી કહ્યું કે,મુખ્યમંત્રી રાહત નિધિમાંથી જરૂરતમંદ દર્દીઓની ગંભીર રોગોમાં સારવાર સહાય માટેની પાત્રતાની આવક મર્યાદા એક લાખથી વધારી ચાર લાખ કરી છે.એટલુજ નહિ,કટોકટીના સમયે દર્દીઓ માટે એર એમ્બ્યુલન્સની સેવા પણ શરુ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અંગ પ્રત્યારોપણની જટિલ પ્રક્રિયા ટીમ વર્ક માંગી લે છે, તબીબો, હોસ્પિટલ સહિત વહીવટીતંત્રનો સહયોગ પણ જરૂરી છે.

રાજ્ય સરકાર આવા દરેક પ્રસંગે સંપૂર્ણ સહયોગ આપવા કટિબદ્ધ છે

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વધુમાં કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને પાર પાડવામાં શરીરની સ્વસ્થતા એ પહેલી શરત છે.

તેમણે જણાવ્યું કે, આજે માત્ર ૪૦-૪૫ વર્ષની વયે લોકો હૃદય રોગ, ડાયાબિટીઝ જેવી ગંભીર બિમારીઓનો ભોગ બને છે તે રાસાયણિક ખાતરથી પકવેલા અન્ન અને ખાદ્ય પદાર્થોને કારણે થાય છે. મુખ્યમંત્રીશ્રીએ જમીનનું સ્વાસ્થ્ય સુધરે સાથો સાથ માનવ શરીર પણ આરોગ્યપ્રદ રહે તે માટે રાસાયણિક ખાતર મુક્ત પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના દિશા દર્શનમાં રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતીની મુહીમ ઉપાડી છે તે રાજ્યની જમીન અને નાગરિકો બંનેનાં સ્વાસ્થ્ય માટે લાભદાયી છે.

આ તકે તેમણે ગુજરાતમાં અંગદાનની જાગૃતિ માટે કાર્યરત હોસ્પિટલ્સ અને સંસ્થાઓના પ્રતિનિધિઓને પણ બિરદાવ્યા હતા અને પ્રતિક રૂપે અભિવાદન કર્યું હતું.




સિમ્સ હોસ્પિટલના ડિરેક્ટર ડૉ. ધિરેન શાહે જણાવ્યું કે, રાજ્ય સરકારના પૂર્ણ સહયોગને પરિણામે ગુજરાતમાં હવે અંગ-પ્રત્યારોપણની મજબુત કાર્યપ્રણાલી વિકસી ચુકી છે, અંગ-પ્રત્યારોપણ માટે ગ્રીન કોરીડોર ઉભો કરવા સહિતની તમામ આનુષાંગિક પ્રક્રીયાઓ ઝડપથી પુરી કરી શકીએ છીએ. ગુજરાત ઓર્ગન ટ્રાંસપ્લાન્ટનું ડેસ્ટીનેશન બનશે.

આ અભિવાદન પ્રસંગે સિમ્સ હોસ્પિટલના ચેરમેન ડો. કેયુર પરિખ, યુ.એન મહેતા હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. આર. કે. પટેલ, મારેન્ગો એસિયા હેલ્થકેર ગ્રુપના સી.ઇ.ઓ. શ્રી રાજીવ સિંઘલ, અગ્રણી તબીબો, હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ મેળવનારા રિસિપિયન્ટ વ્યક્તિઓ. મૃતક સ્વજનનું અંગદાન કરનારા પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન, અમદાવાદ દ્વારા 'જીતો બિઝનેસ બાઝાર' ના એક્ઝિબિશન પ્રસંગે મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિ

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જીતો) અમદાવાદ દ્વારા આયોજિત 'જીતો બિઝનેસ બાઝાર' -૨૦૨૨ એક્ઝિબિશનને ખુલ્લું મુકતા જણાવ્યું કે દરેક સમાજની એક આગવી ખાસિયત છે.

આપણે સૌ સમાજને સાથે રાખીને આર્થિક, સામાજિક, વાણિજ્યિક, ઔદ્યોગિક, સર્વગ્રાહી વિકાસ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા "સૌના સાથ સૌના વિકાસ"ના મંત્રને "સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ"થી સાકાર કર્યો છે.

રાજ્ય સરકારની વેપાર વ્યવસાય માટેની પ્રોત્સાહક નીતિ અન્વયે વેપાર-રોજગારને અને બજારોને પ્રોત્સાહન આપવા માટે વેપારી મહામંડળ સંગઠનોના સહયોગથી 'જીતો બિઝનેસ બાઝાર -૨૦૨૨' નું બે દિવસીય એક્ઝિબીશન યોજવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રીએ આ એકઝીબિશન નું ઉદઘાટન રાજયસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીનની ઉપસ્થિતિ માં કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રીએ કહ્યું હતું કે ×આત્મનિર્ભર ભારત× નો સંકલ્પ વડાપ્રધાન શ્રીએ આપણને આપ્યો છે તેની સંકલ્પના સાકાર કરવા માટે વર્ષ-૨૦૨૧-૨૨ માં ૪૦૦ બિલીયન ડોલરની નિકાસ નીતિની સામે સમગ્ર દેશમાં ગુજરાત ૨૫% લક્ષ્યાંક પૂર્ણ કરીને દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે. એ આપણા માટે ગૌરવની વાત છે.

સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આઝાદી સમયે થયેલાં બલિદાનો અને સંઘર્ષ ગાથાઓની કહાની ભવિષ્યની પેઢીને જાણવા મળે અને ૧૦૦ વર્ષ પછી ભારત કેવું હોવું જોઈએ એની પરિકલ્પનાને મૂર્તિમંત કરવા માટે દરેક સમાજ એકત્ર થઈને વિકાસની કેડી પર આગળ વધે એ સમયની માંગ છે.

દરેક વેપારી વર્ગ અને આત્મનિર્ભર બની વ્યવસાય કરતા નાગરિકો પોતાની સુઝબુઝ થકી "વોકલ ફોર લોકલ મંત્ર" ને સાકાર કરે તો સમાજ શક્તિના સહયોગથી ગામ,શહેર,રાજય અને રાષ્ટ્રની અવશ્ય પ્રગતિ થશે.

મુખ્યમંત્રી શ્રી એ આરોગ્ય પર ભાર આપતા કહ્યું હતું કે અત્યારે નાની ઉંમરમાં પણ અસાધ્ય બીમારીઓ આવી ગઈ છે ત્યારે સંશોધન કરતાં જાણવા મળ્યું છે કે ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ અને ઝેરી દવાઓનો છંટકાવ તેના માટે કારણભૂત છે ત્યારે ખેડૂતો હવે પ્રાકૃતિક ખેતી તરફ વળે અને ગાય આધારિત સજીવ ખેતી કરતાં થાય તથા નાગરિકો પણ ઓર્ગેનિક પદ્ધતિથી તૈયાર થયેલ શાકભાજી અને ખેતપેદાશોનો ઉપયોગ કરતા થાય તેવી મુખ્યમંત્રી શ્રી એ અપીલ કરી હતી.

રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીને પ્રાસંગિક ઉદબોધનમા જણાવ્યું હતું કે જીતો દ્વારા વેપાર સાથે સંકળાયેલા સંગઠનોને એક મંચ આપવાનો પ્રયત્નથી વેપાર વાણિજયને ઘણુ પ્રોત્સાહન મળશે.

કોરોનાના બે વર્ષ દરમિયાન નાના- મોટા વેપાર સાથે જોડાયેલા અનેક લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. ત્યારે સમાજનાં આગેવાનો દ્વારા આ રીતે વેચાણ પ્રદર્શનના માધ્યમથી ટેકો આપવાનો સારો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એકઝિબીશનમા ૨૦૦ જેટલાં સ્ટોલમા અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાતમાંથી વેપારીઓ પોતાના પ્રોડકટના પ્રદર્શન અને વેચાણ અર્થે અહી આવ્યા છે.

આ પ્રસંગે જીતો અમદાવાદના ચેરમેન શ્રી ચેતનભાઈ શાહ,એપેક્ષના ચેરમેન શ્રી ગણપતભાઈ ચૌધરી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ સાથે સંકળાયેલા વેપારીઓ, વિવિધ સંગઠનોના પ્રમુખશ્રીઓ,અને જૈન સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસાના યુવકે ૩ લાખની લોટરીની લાલચમાં રૂ.૯.૩૮ લાખ ગુમાવ્યા, ફરિયાદ નોધાઈ.

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

ડીસા તાલુકાના લક્ષ્મીપુરા (રામપુરા)ના કોલેજીયન યુવકે રૂપિયા ત્રણ લાખની લોટરીની લાલચમાં આવી ૧૧૪ દિવસમાં જુદાજુદા સમયે પેટીએમ, ગુગલ પે, ફોન પે દ્વારા રૂપિયા ૯.૩૮ લાખ ચૂકવ્યા હતા. જોકે, આખરે પોતાની સાથે છેતરપીંડી આચરાઇ હોવાનું જાણવા મળતાં યુવકે પાલનપુર સાઇબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસા તાલુકાના લક્ષ્મીપુરા (રામપુરા)નો ધીરજકુમાર ડાઉજી જાટ (ચૌધરી) થરાદ તાલુકાની ખોરડા એ.પી. ત્રિવેદી કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. જેના મોબાઈલ નંબર ઉપર ૧૪ માર્ચ ૨૦૨૧ના દિવસે ઉત્તમનાથ નામના શખ્સનો ફોન આવ્યો હતો. જેણે લક્ષ્મી ધન-વર્ષા કુબેર યાત્રા કંપનીમાંથી બોલું છુ. તમારે લકી ડ્રોમાં ત્રણ લાખ રૂપિયા ઈનામ લાગેલ છે. બેંક એકાઉન્ટ નંબર આપો તેમ કહેતા ધીરજે પોતાનો એકાઉન્ટ નંબર આપ્યો હતો. દરમિયાન આ નાણાં મેળવવા માટે ડિપોઝીટ ભરવી પડશે તેમ કહેતા ગૌરીશંકરના એકાઉન્ટમાં રૂપિયા ૧,૨૫૦ ટ્રાન્સફર કર્યા હતા.જે પછી અલગ-અલગ નંબરથી ફોન કરી અલગ અલગ ચાર્જ તેમજ ફાઈલ ચાર્જ ભરવાનું જણાવતાં ધીરજે તારીખ ૨૬ જૂન સુધીમાં ૧૧૪ દિવસમાં કુલ રૂપિયા ૯,૩૮,૪૦૯ ચૂકવ્યા હતા. જોકે, પોતાની સાથે છેતરપીંડી થઇ હોવાનું જણાતાં આખરે શુક્રવારે પાલનપુર ખાતે સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા શખ્સો સામે ગૂનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## ધ કાશ્મીર ફાઇલ્સ ના સંદર્ભે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કરેલ નિમ્નસ્તરની ટીપ્પણીને વખોડી કાઢી સખત વિરોધ નોંધાવતું ગાંધીનગર મહાનગર ભાજપા સંગઠન



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, જેહાદી તત્વો દ્વારા કાશ્મીરી પંડિતો પર ધર્મના આધારે કરાયેલ અત્યાચાર અને કત્લેઆમ અંગે સત્ય ઉજાગર કરતી ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સ ના સંદર્ભે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કરેલ નિમ્ન સ્તરની ટીપ્પણીને વખોડી કાઢી શ્રી કમલમ, સેક્ટર ૨૧ ખાતે કેજરીવાલનું પૂતળા દહન, સુત્રોચ્ચાર અને પ્લે કાર્ડ દર્શાવી ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા સખત વિરોધ નોંધાવાયો હતો. આ વિરોધ પ્રદર્શનમાં મહાનગરના મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, મહામંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ફક્ત હિન્દૂ હોવાના કારણે લાખો કાશ્મીરી પંડિતો પર થયેલા અત્યાચાર અને હજારોની હત્યા બાદ આજે આટલા વર્ષો બાદ જ્યારે ભૂતકાળમાં બનેલી આ ક્રૂર અને ભયંકર ઘટનાને ઉજાગર કરતી ફિલ્મ ધ કાશ્મીર ફાઇલ્સ ને દેશભરના કરોડો નાગરિકોનો આવકાર મળી રહ્યો છે અને ચારેકોર ફિલ્મની પ્રશંસા થઈ રહી છે ત્યારે ભાજપા શાસિત રાજ્યોએ ફિલ્મને કરમુક્ત જાહેર કરી છે. અરવિંદ કેજરીવાલ કાશ્મીરી પંડિતોના અત્યંત સંવેદનશીલ વિષય પર બનેલી ફિલ્મ અંગે પ્રશંસાના શબ્દો ના બોલી શકે, કરમુક્ત ના કરે તો કાંઈ નહી પણ છાશવારે વિવિધ ફિલ્મોની પ્રસંશા કરતા અને ઘણી ફિલ્મને દિલ્હીમાં કરમુક્ત કરતા કેજરીવાલ જ્યારે કરોડો દેશવાસીઓના હૃદયને સ્પર્શતી કાશ્મીરી પંડિતોના પલાયન અને હત્યા જેવા અત્યંત ગંભીર મુદ્દા પર બનેલી ફિલ્મ વિષે વિધાનસભામાં મજાક ઉડાવતી ટિપ્પણીઓ કરે, જેના પર દિલ્હીના આપના ધારાસભ્યો જોર જોરથી હસીને ઠહાકા લગાવે ત્યારે સ્વાભાવિક છે કે આ દેશના કરોડો રાષ્ટ્રવાદી નાગરિકો આ અપમાન સહન ન કરે. કેજરીવાલની આ પ્રકારની ટિપ્પણીઓને ગાંધીનગર મહાનગર ભાજપ સખત શબ્દોમાં વખોડે છે.

### મહાદેવ બળદ સેવા ટ્રસ્ટ દ્વારા દાન માટે અપીલ

## ૮૦૦ થી વધારે નિરાધાર જીવોને સાચવવાના અર્થે નવા બળદ આશ્રમનું નિર્માણ

મહાદેવ બળદ સેવા ટ્રસ્ટ, ખારચીયા રોડ, મોટી પાનેલી, ઉપલેટા ફકતને ફકત નીરાધાર રસ્તે રખડતા કે જેમનું કોઈ ના હોય તેવા બળદ–ગાયો, વાછરડાને રાખવામાં આવેલા છે , નિભાવવામાં આવે છે. કૃષિક્ષેત્રે માનવજીવનને મદદરૂપ થવા માટે બળદનું વિશેષ મહત્વ રહેલું છે. આ ભાવાર્થને સાર્થક કરતાં આ ટ્રસ્ટ દ્વારા બળદોનો ખાસ નિભાવ કરવામાં આવી રહયો છે. હાલ અહીંયા ૧૭૦થી વધારે સંખ્યામાં ગાયો અને બળદનો નિભાવ થઈ રહ્યો છે. આ સંસ્થા દ્વારા આ અબોલ જીવોને બે ટાઈમ નીરણ ભરપુર માત્રામાં નાખવામાં આવે છે અને કોઈપણ પશુ બીમાર હોય તો તેને તત્કાલીન સારવાર આપવામાં આવે છે. અને સંસ્થામાં નિયમિત સાફસફાઈ માટે પાંચ માણસો કાયમી રાખેલા છે જે નિયમિત સાફસફાઈ અને નિરણ નાખવાનું કામ કરતા હોય છે. સ્થળ ઉપર સાફસફાઈ દરરોજ થાય છે. આ સંસ્થા દ્વારા નિરાધાર પશુઓને રાખવા માટે ૯ વિભાગ બનાવાનું આયોજન છે જેમાં એક વિભાગમાં ૮૦ જીવોનો સમાવેશ થઈ શકશે. નીરણ ભરવા માટે ૫ ગોડાઉન અને ૧ ડોકટરી સારવાર માટે હોસ્પિટલ વિભાગ બનાવમાં આવે છે. આ



ટ્રસ્ટ પાસે કોઈ માલિકીની જગ્યા નથી હાલ સંસ્થાના ટ્રસ્ટી વિમલભાઈ વાછાણી દ્વારા ૧૨ વિઘા જમીનમાં નવા બળદ આશ્રમનું નિર્માણ થઈ રહ્યું છે. આ માટે જો કોઈ દાતા દ્વારા ભૂમિ દાન થાય તો મોટું બાંધકામ કરી અને વધારેમાં વધારે નીરાધાર રસ્તે રખડતાં પશુઓ સાચવી શકાય.

અત્યારે હાલ સગવડતા ન હોય મર્યાદિત સંખ્યા પશુઓ રાખવામાં આવેલા છે. ભવિષ્યમાં ૮૦૦ થી વધારે જીવોનો સમાવેશ કરવામાં આવશે. આ ટ્રસ્ટ દ્વારા વધુને વધુ બળદો તેમજ ગૌમાતાઓને સાચવવાની તૈયારી બતાવવામાં આવેલ છે. ૩ કરોડના માતબર ખર્ચે આ બળદ આશ્રમ બનાવવામાં આવી રહ્યું છે. આ આશ્રમમાં તક્તીમાં નામ લખવા માટે ૨૫,૦૦૦/- કે તેથી વધુનું, કાયમી એક વિભાગમાં એક નામ રાખવા માટે ૧૨,૦૦,૦૦૦/- (અંકે બાર લાખ પૂરા),કાયમી ગૌ અને બળદ આશ્રમના મેઈન ગેટ પર નામ લખવવા માટે ૧,૦૦,૦૦,૦૦૦/- (અંકે એક કરોડ પૂરા)નું અનુદાન દ્વારા કરવામાં આવશે. ટ્રસ્ટનાં વિમલભાઈ વાછાણી (મો. ૯૭૨૭૮ ૬૪૬૫૦), જયદીપભાઈ લાલકીયા, જતીનભાઈ ભાલોડીયા, પ્રદીપ ચોટાઈ, જનકભાઈ ધીંગાણી, સંદીપભાઈ ઘેટીયા, મહેશભાઈ ભાલાણી, ભુપતભાઈ દેત્રોજા, જયરાજભાઈ કાલરીયા દ્વારા અનુદાન માટે અપીલ કરવામાં આવે છે. ભૂમિદાન તથા અનુદાન માટે મહાદેવ બળદ સેવા ટ્રસ્ટ, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, પાનેલી મોટી બ્રાંચ, IFSC, UBIN0531499, A.C.No: 3149010100032127. આ અંગે વધુ માહિતી મેળવવા માટે વિમલભાઈ વાછાણી (મો .૯૭૨૭૮ ૬૪૬૫૦)નો સંપર્ક કરવા જણાવાયું છે.

## કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે કલોલ નગરપાલિકાના રૂપિયા ૧,૭૯૮ લાખના વિકાસ કામોના ખાતમુહૂર્ત સપંન્ન

**દેશના ગામડાઓ દરેક સુવિધાથી સજ્જ થઇ રહ્યા છે તેમજ શહેરોએ અર્બન ડેવલપમેન્ટ યોજના તળે વિકાસના નવા અધ્યાયની શરૂઆત કરી છે......કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહ**

ગાધીનગરઃ શનિવારઃ

કલોલ શહેરના વિકાસ કામોના ખાત મુહૂર્ત પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રીશ્રીની દિધર્દ્રષ્ટી અને રાજ્ય સરકારના સનિષ્ઠ પ્રયત્નોને પગલે કોરોનાને કાબુમાં લાવી શક્યા છીએ.કોરોનાની ત્રીજી લહેરમાં સમગ્ર રાષ્ટ્રમાં સરકારે રસીકરણની પ્રેરણાદાયી કામગીરી કરી છે.

ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રસીકરણની શોધનો શ્રેય દેશના વૈજ્ઞાનિકોને આપ્યો છે.

દેશના વૈજ્ઞાનિકોના અથાક પ્રયાસ અને સાધનાથી રાષ્ટ્રના ૧૩૦ કરોડ નાગરિકોનું જીવન સુરક્ષિત થયું છે.તેમણે ઉમેર્યું હતું કે, જ્ઞાન અને વિજ્ઞાનનું અનુસંધાન કરનારૂ ભગરીથ કાર્ય કરનાર આપણા તમામ વૈજ્ઞાનિકો અભિનંદનને પાત્ર છે

ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે ,કોરોના કપરા સમયમાં જરૂરિયાત મંદ નાગરિકોને સતત ૦૨ વર્ષ સુધી અનાજ આપવાનું કાર્ય સંવેદનશીલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે.

કોરોના જેવી કપરી પરિસ્થિતિમાં કાર્યકરો દ્વારા નાગરિકોના સંપર્કમાં રહીને માસ્ક, અનાજ,ઓકસિજન દવાઓ પુરૂં પાડી જનતાની વચ્ચે અડગ અને નિડર થઈને રહ્યા છે, જે સંવેદનશીલ નેતૃત્વનું પ્રેરણા પૂરી પાડે તેવું ઉદાહરણ છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે કલોલ શહેરના વિકાસ માટે ૧૬ કરોડ રૂપિયા રાજ્ય સરકારના માધ્યમથી મળ્યા છે, જે માટે ગાધીનગરના સંસદ સભ્ય તરીકે રાજ્ય સરકારનો આભારી છું. તેમણે ઉમેર્યું હતું કે ૦૧ કરોડના ખર્ચે અમૃત યોજના તળે શહેરના સરદાર પટેલ બગીચાઓના વિકાસ કરાઇ રહ્યો છે. બગીચાઓમાં નાના-મોટા આનંદ પ્રમોદ કરી શકે છે તેમ જણાવી બગીચાઓની જાળવણી કરવા નાગરિકોને અપીલ કરી હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહે ઉમેર્યું હતું કે ,જે બાળક માટી સાથે ના રમે તે આવનાર મુશ્કલીઓનો સમાનો ના કરી શકે ,બાળકોને કોમ્પ્યુટર,મોબાઇલ જેવા યાંત્રિક સાધનોને જરૂર પુરતા ઉપયોગ કરવા તેમણે અનુંરોધ કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, સંવેદના સાથે દેશના ગરીબોની ચિંતા કરવાનું કામ દેશના પ્રધાનમંત્રીશ્રીએ કર્યું છે.દેશના ગામડાઓ દરેક સુવિધાથી સજ્જ થઇ રહ્યા છે તેમજ શહેરોએ અર્બન ડેવલપમેન્ટ યોજના તળે વિકાસના નવા અધ્યાયની શરૂઆત કરી છે.



કલોલ શહેર ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કલોલ શહેરમાં બી.વી.એમ ફાટકની પાસે લેવલ ક્રોસિંગ ઉપર રૂપિયા ૧,૬૯૮ લાખના ખર્ચે નિર્માણ થનારા ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત કર્યું હતું તેમજ અમૃત યોજના અંતર્ગત કલોલ શહેરમાં રૂપિયા ૧૦૦ લાખના ખર્ચે સરદાર પટેલ ગાર્ડન વિકસાવવાના કામોનું ખાતમુહૂર્ત કર્યુ હતું.

આ પ્રસંગે કલોલ નગરપાલિકા પ્રમુખ ઉવર્શીબેન પટેલે જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીતભાઇ શાહે સતત કલોલના વિકાસની ચિંતા કરી છે. કલોલ શહેરમાં છેલ્લા વર્ષોમાં રૂપિયા ૧૨૦ કરોડના કામો કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન તળે થયા છે.

કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહનું વિવિધ સમાજ સંગઠનો દ્વારા સ્વાગત સન્માન કરવામા આવ્યું હતું,

ભારત માતા ટાઉનહોલ કલોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગૃહરાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી,જિલ્લા કલેકટરશ્રી કુલદીપ આર્ય ,જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુરભિ ગૌતમ, પૂર્વ ગૃહમંત્રી રજનીભાઇ પટેલ,જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અનિલભાઇ પટેલ,અગ્રણી હર્ષદભાઇ પટેલ,જે.કે.પટેલ, સહિતના અધિકારીઓ પદાધિકારી તેમજ પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા,.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.